البلاغ ماہنامہ

AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

માસિક

## જુલાઈ - ૨૦૧૭

માનદ તંત્રી

## અહમદ યાકૂબ પટેલ

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

ગુનાહોથી માફી માંગવામાં, ભૂલને સુધારવામાં, અને ખોટી વાતને પાછી લેવામાં શરમ ન કરો. નહીતર એકના બદલે બે ભૂલો અને ગુનાહો માથે પડશે. પ્રથમ ભૂલ અને ગુનો અને એના ઉપર અડી રહેવાનો, માફી ન માગવાનો ગુનો.

*અનુક્રમણિકા*


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| મઆરિફુલ હદીસ | ૬ |
| અલ્લાહની રાહમાં ખર્ચ કરો | ૧૧ |
| રમઝાનનો બોધ | ૧૩ |
| રમઝાન પછી | ૧૫ |
| ખ્વાબ વિશે ઈસ્લામી માર્ગદર્શન | ૧૮ |
| ઈશ્કે નબવી | ૨૩ |
| ફતાવા વિભાગ | ૨૯ |
| બોધકથા | ૩૨ |
| After Ramdhan the beleiver's life | ૩૪ |
| દુઆએ મગફિરત | ૩૬ |
| છેલ્લા પાને | ૩૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

જૂલાઈ – ૨૦૧૭ ઈ.

શવ્વાલ – ૧૪૩૮ હિ.

વર્ષ – ૧૬, અંક – ૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

### દુઆએ મગફિરત

જામિઅહના સ્થાપક રુકને શૂરા જન્નતનશીન હઝરત મવલાના યાકૂબ શેખ રહ.ના અહલિયહ અને વર્તમાન રુકને શૂરા જનાબ હાફેજ હનીફ શેખ સા.ના વાલિદહ રમઝાનમાં યુ.કે. ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ. મરહૂમહ હઝરત મવલાના યાકૂબ સા. રહ.ની જેમ જ જામિઅહ સાથે મુહબ્બત અને પોતીકાપણાની લાગણી ધરાવતાં હતા. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. એમની નેકીઓ અને સદકાતે જારીયહ કુબૂલ ફરમાવે અને આખિરતમાં બેહતરીન બદલો આપે. એમના સગાઓ વિશેષ કરીને સુપુત્ર જનાબ હાફિજ હનીફ શેખ સાહેબ (રુકને શૂરા જામિઅહ) અને અન્ય સગાઓને સબ્રે જમીલની તવફીક આપે અને એમની મુહબ્બત – મહેરબાનીની બરકતો વફાત પછી પણ જારી ફરમાવે.

મુળ સીમલકના રહેવાસી અને સાઉથ આફ્રિકા ખાતે સ્થાયી જનાબ હઝરત મવ. ઈબ્રાહીમ મીયાં સાહેબ રહ. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.. આપ રહ. મહાન વિદ્વાન, આલિમ, ફાઝિલ અને વલીએ કામિલ હતા. એમના વાલિદ સાહેબે સાત વરસની ઉમરે એમને અસલી અરબી શીખવા અને હિફ્જે કુરઆન માટે મક્કા મોકલી દીધા હતા. ત્યાં બાળકો સાથે રહીને અરબી શીખી અને પછી ૧૪ વરસની ઉમરે દા.ઉ. દેવબંદમાં દાખલો લીધો. શૈખુલ ઈસ્લામ રહ. પાસે બુખારી શરીફ પઢવા ઉપરાંત અલ્લામહ કશ્મીરી રહ. અને અલ્લામહ બિન્નોરી રહ.ના પણ શાગિર્દ હતા. સાઉથ આફ્રિકા ખાતે મકાતિબ અને મસાજિદની તામીર અને એના થકી ઈસ્લામ અને મુસલમાનોની કેળવણીમાં આપ રહ.નું ઘણું મોટું યોગદાન છે. ઉપરાંત સદીઓ જૂના બુઝુર્ગોની હસ્તપ્રત સ્વરૂપે સચવાય રહેલી હદીસની કિતાબો છાપવા માટે ડાભેલ – સીમલક ખાતે જે મજલિસે ઈલ્મીની સ્થાપના કરવામાં આવી હતી, એને કાર્યરત રાખીને એના થકી બીજી અનેક કિતાબો છપાવવા માટે આપ રહ.એ ઘણી મહેનત કરી. જામિઅહ જંબુસર સાથે પણ ઘણી જ મુહબ્બત ધરાવતા હતા. એકવાર અત્રે પધારીને જામિઅહની તાલીમી – તામીરી વ્યવસ્થા નિહાળીને ખુશી વ્યકત ફરમાવી હતી. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે, અર્શના સાયામાં એમને જગ્યા આપે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. આમીન.

## તંત્રી સ્થાનેથી

વર્તમાન અમેરિકન પ્રમુખ એમની ચુંટણી સભાઓ દરમિયાન મુસ્લિમ વિરોધી નિવેદનો આપતા હતા, એ બધાને ખબર છે. એમનું વણલ સઉદી એરેબિયા વિરુદ્ધ હોવાનું કહેવાતું હતું. ચુંટણી પ્રચાર દરમિયાન એમના નિવેદનો બાબતે સઉદી સરકારની પ્રતિક્રિયા પણ આવતી હતી. ઓબામા સરકારના છેલ્લા દિવસોમાં અમેરિકન સેનેટમાં એક વિશેષ બિલ અમેરિકન અકેટ (Justice Against Sponsors of Terrorism Act)ના આધારે ૯/૧૧ ના અસરગ્રસ્તોને વળતળ આપવા બાબતે પસાર કરવામાં આવ્યું હતું. સીધી રીતે એનું નુકસાન સઉદી અરબને થતું હતું. ઓબામાએ અને સઉદીએ એને અટકાવવા પૂરતા પ્રયત્નો કર્યા હતા. ટ્રમ્પના આવ્યા પછી પણ એ માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા. ઉપરાંત એનકાનેક વાર અમેરિકા, યુરોપ અને યહૂદી લોબી તરફથી સઉદીને ત્રાસવાદને સહકાર આપવા બાબતે બદનામ કરવામાં આવતું હતું. આ બધા સાથે બીજી અુમક બાબતો પણ મેળવી લઈએ, પછી આગળની વાત..

સઉદી અરબ દ્વારા પોતાના સ્વાર્થ ખાતર મિસરની લોકશાહી ઉઠલાવવા માટે મિસરની સૈન્ય સરકારને આપવામાં આવેલ સહકાર, ગલ્ફ અને આસપાસના મુસ્લિમ બહુલ દેશોમાં લોકશાહી રીતે પણ ઈસ્લામિસ્ટોને સરકારમાં આવતા રોકવાના પ્રયત્નો, આ માટે ઈસ્લામિક વલણ સાથે લોકોમાં સારી એવી પકડ ધરાવતા ઈસ્લામિક બ્રધરહૂડ ગ્રુપને યમન, બહરૈન, વગેરે દેશોમાં પ્રતિબંધિત કરવા – કરાવવાના પ્રયત્નો, પોતે ઈસ્લામના કેન્દ્ર એવા મક્કા – મદીના ઉપર શાસન કરતા હોવાથી અન્ય કોઈને પણ ઈસ્લામ વતી બોલવાનો અધિકાર ન હોવાના ગરૂરમાં રચ્યા રહેવું અને બીજા દરેક મસ્લકો, પંથો, સંપ્રદાયોને ગેરઈસ્લામી સમજવા અને એના જ પરિણામે વિશ્વભરના મુસ્લિમોની લાગણીઓને સન્માન આપવાના બદલે 'શાહી સ્વાર્થ' માટે લેવામાં આવેલ નિર્ણયોને પણ વિશ્વભરના મુસ્લિમો ચુપચાપ સમર્થન આપે એવી મનોવૃતિ... ઉપરથી શાહી ખાનદાનના કરતૂતો વધારે...

મિસરમાં.... લોકશાહીને ઉઠલાવીને બેસાડવામાં આવેલ ઈસ્લામ વિરોધી અને ઈઝરાયેલ તરફી એજન્ટ જનરલ અબ્દુલ ફત્તાહ સીસીની ઈઝરાયેલ તરફી નીતિઓ, યુરોપ અને અમેરિકાના સમર્થનથી અપનાવેલ ઈસ્લામિક

બ્રધરહૂડ પ્રત્યેની શત્રુતા, મિસરની કથળતી આર્થિક સ્થિતિને ઢાંકવા સઉદી પાસેથી બેનંબરની કાળી સહાય મેળવવાની જરૂરત...

અમીરાત અને દુબઈને.... જરૂરત છે વ્યાજ, વ્યાભિચાર અને સટ્ટાના આધારે ટકી રહેલ આધુનિક સામ્રાજ્યને ટકાવવાની અને એક બીજા એવા સમુદ્રી કિનારાની જયાં કોઈ પણ પ્રકારના સામાજિક, સંસ્કારિક કે ધાર્મિક મર્યાદાઓથી સ્વતંત્ર હોય એવું દુબઈ જેવું ફુલ્લી ઓપન માર્કેટ બનાવી શકાય.

આવી સ્થિતિમાં અમેરિકામાં સઉદીયા વિરોધી ડોનાલ્ડ ટ્રમ્પ ચુંટણી જીતી જાય છે, અત્યંત પરેશાન સઉદી રાજાઓ આખરે આ નવા પ્રમુખ પાસે પણ પોતાની સત્તાના રક્ષણની જરૂરત મુકે છે. ચાલાક શિકાર એક તીરથી અનેક શિકાર કરે એમ અમેરિકન થીન્કટેન્ક દ્વારા સંપૂર્ણ રીતે વિચાર વિમર્શ કર્યા બાદ એક પ્લાન સઉદીને રજૂ કરવામાં આવે છે. આ માટે ટ્રમ્પ સાહેબ સઉદી પધારે છે, પોતે મુસ્લિમ દેશોનું નેતૃત્વ કરે છે એમ બતાવવા સઉદી એરેબિયા પચાસથી વધારે મુસ્લિમ દેશોના નેતાઓને ભેગા કરે છે અને ત્યાં ટ્રમ્પ સાહેબ ત્રાસવાદ વિરુદ્ધ મુસ્લિમ દેશોએ પોતે જ કંઈક કરવું પડશે અને અમેરિકા એમાં સહકાર આપશે એવું એલાન કરીને પાછા ફરી જાય છે. આયોજન મુજબ આ જલ્સાઓ વેળા જ મુસ્લિમ વિશ્વમાં એક મધ્યમવર્ગી નેતૃત્વ, અને કોર્પોરેટ જગતમાં દુબઈને ટક્કર મારવા તૈયાર થઈ રહેલ એક નાનકડા દેશ 'કતર'ની સમાચાર ચેનલને હેક કરીને અમુક ખોટા સમાચારો મુકવામાં આવે છે. જેમ લુચ્ચુ શિયાળ મરઘાનો શિકાર કરવા માટે મરઘાનો જ વાંક કાઢે છે એમ ત્યાર પછી એકાએક સઉદી એરેબિયા, અમીરાત, બહરૈન અને મિસરની જોડી રમઝાનના મુબારક મહીનામાં એક મુસ્લિમ દેશ 'કતર'ના બાયકોટનું એલાન કરે છે અને આખું વિશ્વ એનાથી અચંબામાં પડી જાય છે.

હવે આગળ જે થવાનું હોય તે. આ જોડી પીછેહઠ કરીને બાયકોટ પાછો ખેંચે અથવા કતર ઢીલું પડીને શરણાગતિ સ્વીકારે કે પછી આમ જ અબોલા ચાલ્યા કરે, દુશ્મનો અને દોસ્તો, બન્નેએ પોતાનું ધ્યેય સિદ્ધ કરી લીધું છે.

વાસ્તવિક રીતે તો મુસ્લિમ કે ઈસ્લામી વિશ્વનું અસ્તિત્વ તો હતું જ નહીં, નામ પુરતા એક અરેબિક + ઈસ્લામિક દેશોનું એક ગ્રુપ હતું, જે ખાડીના અમુક દેશો ઉપર આધારિત હતું. જેમાં ઈસ્લામ કરતાં પ્રાદેશિક (ગલ્ફ) અને ભાષાકીય (એરેબિક) વાડાબંધી વધારે મહત્વની છે, એવા આ ગ્રુપમાં પણ

સીધા ફાચડા પડી ગયા. ઓમાન અને કતર એક તરફ. અમીરાત, સઉદી અને બહરૈન એક તરફ.

સઉદી એરેબિયાએ પોતાનો સ્વાર્થ સાધી લીધો છે. વિશ્વમાં એને હવે આંતકવાદ વિરોધી કડક વલણ ધરાવતો દેશ ગણવામાં આવશે અને બિરાદર દેશ કતર આંતકવાદને સમર્થન આપતો દેશ કહેવાશે. અમીરાત કોઈ પણ રીતે કતરની આર્થિક પ્રગતિ રોકવા માંગે છે અને મિસર ચાહે છે કે જે ઈસ્લામી વિદ્વાનોને કતરે શરણ આપ્યું છે એમને મિસરના હવાલે કરવામાં આવે જેથી એમને ફાંસીના માચડે લટકાવીને એવી સજા આપવામાં આવે કે મિસરમાં દાયકાઓ સુધી ઈસ્લામી વિચારધારા પાછળ પડી જાય.

જે મહત્વના મુદાઓ સઉદી ગ્રુપ દ્વારા કતર સામે મુકવામાં આવ્યા છે, એમાં મહત્વનો મુદ્દો 'હમાસ' સાથેનો સહકાર ખતમ કરવાની માંગણી પણ છે. એટલે કે ઈઝરાયેલને અરબ વિશ્વમાં શાંતિથી રહેવા દેવામાં આવે અને હમાસ પોતાની ધરતીનો સોદો કરવા તૈયાર થઈ જાય. અલજઝીરા ન્યુઝ ચેનલ બંધ કરવામાં આવે. જેના થકી અરબ વિશ્વ સ્વતંત્ર નજરે પૂરા વિશ્વથી માહિતીગાર રહે છે. સઉદી ચાહે છે કે આરબો વિશ્વથી કપાયને એમણે દોરેલા વર્તૂળમાં જ રહે. ઈરાન સાથેના રાજદ્વારી સંબંધો ઓછા કરવામાં આવે, જયારે કે આ ગ્રુપના બીજા સભ્યો અમીરાત અને મિસરના ઈરાન સાથે ગાઢ સંબંધો મોજૂદ છે, અને બાયકોટ પછી કતર માટે ઈરાન પ્રત્યે વધારે ઝુકવા સિવાય કોઈ અવસર ન હોવાનું પણ સ્પષ્ટ હતું.

આવી બધી બેવકૂફીની હરકતો એમને કોણ શીખવાડે છે ? આ તેલિયા રાજાઓ સંપૂર્ણ રીતે અમેરિકા અને બ્રિટનના નિષ્ણાતોની સલાહમાં જ કામ કરે છે, અને તેઓ જ એમને આવા ખોટા સૂચનો આપીને બરબાદીના રસ્તે ધકેલી રહયા છે. સંપૂર્ણ અસબાબ હોવા છતાં ફકત વૈચારિક ગુલામી એમને આજે બરબાદીના રસ્તે લઈ જઈ રહી છે.

અલ્લાહની મરજી જ આ છે કે મુસ્લિમ વિશ્વમાં બધા જ અસબાબ કોઈ એક પ્રદેશમાં ભેગા ન રહે. કયાંક માલ અને દોલત તો કયાંક વિચારદષ્ટિ અને કાબેલિયત, કયાંક શકિત અને શોર્ય તો કયાંક નેતૃત્વ અને મુત્સદ્દીપણું, અને આ જ મુસ્લિમ એકતાની બુનિયાદ છે. જયારે કોઈ એક પક્ષ પોતાને જ બધી રીતે સક્ષમ સમજી લેશે તો આખા મુસ્લિમ વિશ્વની બરબાદી નક્કી છે.

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

**૧૧૨**

## ફજરની નમાઝમાં હુઝૂર (સલ.)ની કિરાઅત

(١١٤) عَنْ جَابِرِ بْنِ سَمُرَةَ ؓ قَالَ كَانَ النَّبِىُّ ﷺ يَقْرَءُ فِى الْفَجْرِ بِقٓ وَالْقُرْآنِ الْمَجِيْدِ وَنَحْوِهَا وَكَانَتْ صَلٰوتُهٗ بَعْدُ تَخْفِيْفاً۔ (رواه مسلم)

**તરજુમો:–** હઝરત જાબિર બિન સમુરાહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ફજરની નમાઝમાં "સૂરએ કાફ" અને એના જેવી બીજી સૂરતો પઢયા કરતા હતા અને પાછળથી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝ હલ્કી રહેતી હતી. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– હદીષ વેત્તાઓએ છેલ્લા વાકયના બે અર્થ બયાન કર્યા છે. એક એ કે ફજર પછીની આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝો એટલે કે ઝોહર, અસર, મગરિબ, ઈશા, આ બધી નમાઝો ફજરની નમાઝ કરતાં હલ્કી રહેતી હતી, અને તે નમાઝોમાં ફજર કરતા કિરાઅત ઓછી ફરમાવતા હતા બીજો અર્થ એ વાકયનો એવો બયાન કરવામાં આવ્યો છે. કે શરૂ ઝમાનામાં જયારે સહાબા (રદિ.)ની સંખ્યા ઓછી હતી અને આપની પાછળ જમાઅતમાં બધા શરૂમાં ઈમાન લાવવાવાળા સહાબા (સાબિકીન અવ્વલીન) જ રહેતા હતા તે સમયે આપની નમાઝો વધુ ભાગે લાંબી રહેતી હતી અને પછીના સમયમાં જયારે આપની પાછળ નમાઝ પઢનારાઓની સંખ્યા વધી ગઈ હતી અને તેમાં બીજા ત્રીજા દરજાના ઈમાનવાળાઓ પણ રહેતા હતા તો આપ

(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) નમાઝો પહેલાની નમાઝો કરતા હલ્કી પઢવા લાગ્યા હતા. કેમકે જમાઅતમાં નમાઝીઓની સંખ્યા વધુ હોવાના કારણે એવું બની શકતુ હતુ કે અમૂક લોકો બીમાર અથવા અશકત અથવા વધુ ઘરડા હોય, જેમના માટે લાંબી નમાઝ તકલીફનું કારણ બની જાય.

ભલે બનાવ મુજબ બંને જ વાતો ખરી છે. પરંતુ મુજ નાચીઝના ખ્યાલમાં બીજો ખુલાસો વધુ યોગ્ય જણાય છે.

(١١٥) عَنْ عَمْرِو بْنِ حُرَيْثٍ اَنَّهٗ سَمِعَ النَّبِیَّ ﷺ یَقْرَءُ فِی الْفَجْرِ وَاللَّیْلِ اِذَا عَسْعَسَ۔ (رواہ مسلم)

તરજુમોઃ– હઝરત અમ્ર બિન હુરૈષ (રદિ.)થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને ફજરની નમાઝમાં " والـلیـل اذا عسـعـس " (એટલે સૂરએ તકવીર) પઢતા સાંભળ્યા. (મુસ્લિમ શરીફ)

(١١٦) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ السَّائِبِ ؓ قَالَ صَلّٰی لَنَا رَسُوْلُ اللّٰهِ ﷺ الصُّبْحَ بِمَكَّةَ فَاسْتَفْتَحَ سُوْرَةَ الْمُؤْمِنِیْنَ حَتّٰی جَاءَ ذِكْرُ مُوْسٰی وَهَارُوْنَ اَوْ ذِكْرُ عِیْسٰی اَخَذَتِ النَّبِیَّ ﷺ سَعْلَةٌ فَرَكَعَ۔ (رواہ مسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન સાઈબ (રદિ.)નું બયાન છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મક્કામાં અમને સવારની નમાઝ પઢાવી. અને સૂરએ મુઅમિનૂન પઢવી શરૂ કરી. હજુ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)તે જગ્યા પહોંચ્યા હતા કે જયાં હઝરત મુસા(અલૈ.) અને હારૂન(અલૈ.)નો અથવા હઝરત ઈસા(અલૈ.)નું વર્ણન છે આપ(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને ખાંસી થવા લાગી તો આપ(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ રૂકૂઅ કરી દીધો.

(١١٧) عَنْ اَبِیْ هُرَیْرَةَ ؓ قَالَ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَرَأَ فِیْ رَكْعَتَیِ الْفَجْرِ قُلْ یَا اَیُّهَا الْكَافِرُوْنَ وَقُلْ هُوَ اللّٰهُ اَحَدٌ۔ (رواہ مسلم)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફજરની બે રકાતોમાં "قُـل يـا ايُّهـا الكافرُونَ" અને "قُل هُواللّٰهُ احد" પઢી. (મુસ્લિમ શરીફ)

(١١٨) عَـنُ مَـعَـاذِ بُـنِ عَبُدِ اللّٰهِ الُجُهَنِىؓ قَالَ اَنَّ رَجُلاً مِنُ جُهَيُنَةَ اَخُبَرَهُ اَنَّهٗ سَـمِـعَ رَسُـوُلَ الـلّٰهِﷺ قَرَأَ فِى الصُّبُحِ اِذَا زُلُزِلَتُ فِى الرَّكُعَتَيُنِ كِلُتَيُهِمَا فَلاَ اَدُرِى اَنَسِىَ اَمُ قَرَأَ ذَالِكَ عَمَداً۔ (رواه ابوداؤد)

તરજુમોઃ– હઝરત મઆઝ બિન અબ્દુલ્લાહ જુહની (રદિ.)થી રિવાયત છે કે કબીલા જુહૈનાના એક માણસે એમને બયાન કર્યુ કે તેમણે એકવાર સવારની નમાઝની બંને રકાતોમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને "اِذَا زُلُـزِلَـتُ" પઢતાં સાંભળ્યા (આગળ તેઓનું બયાન છે કે) મને ખબર નથી કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ભુલમાં એવું કર્યુ કે જાણી બુઝીને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ બંને રકાતોમાં એક જ સૂરત પઢી.(અબૂ દાઉદ)

ખુલાસો :– જો કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આદત મુબારક બંને રકાતોમાં અલગ અલગ સૂરતો પઢવાનો હતો, જયારે એક વાર આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ બંને રકાતોમાં "اذا زلـــزلـــت" પઢી, તો તે સહાબીને શક પેદા થયો કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ભુલથી આમ કર્યુ, અથવા અમને બતાવવા અને શિખવવા માટે કે આ પણ જાઈઝ છે, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જાણી બુજીને એ કર્યુ.

(١١٩) عَـنُ اِبُـنِ عَبَّـاسٍؓ قَـالَ كَـانَ رَسُـوُلُ اللّٰهِﷺ يَقُرَأُ فِىُ رَكَعَتِى الُفَجُرِ قُـوُلُوُا آمَنَّا بِاللّٰهِ وَمَا اُنُزِلَ اِلَيُنَا وَالَّتِى فِى اٰلِ عِمُرَانَ قُلُ يَا اَهُلَ الُكِتَابِ تَعَالَوُا اِلٰى كَلِمَةٍ سَوَاءٍ بَيُنَنَا وَبَيُنَكُمُ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ફજરની બે રકાતોમાં સૂરએ બકરાહની આયતો "قُـولُـوا آمـنَّا باللّٰه وما اُنزِلَ الينَا" અને સૂરએ આલે ઈમ્રાનની આયતો "قُـلُ يا اهلَ الكِتابِ تعالَوا الى كلمةٍ سواءٍ بيننا

وبینکُمْ " પઢયા કરતા હતા. (મુસ્લિમ શરીફ)

(۱۲۰) عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍؓ قَالَ کُنْتُ اَقُوْدُ لِرَسُوْلِ اللّٰهِﷺ نَاقَتَهٗ فِی السَّفَرِ فَقَالَ لِیْ یَاعُقْبَةُ اَلَا اُعَلِّمُكَ خَیْرَ سُوْرَتَیْنِ قُرِئَتَا فَعَلَّمَنِیْ قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ وَقُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ۔ قَالَ فَلَمْ یَرَنِیْ سُرِرْتُ بِهِمَا جِداًّ فَلَمَّا نَزَلَ لِصَلٰوةِ الصُّبْحِ صَلّٰی بِهِمَا صَلٰوةَ الصُّبْحِ لِلنَّاسِ فَلَمَّا فَرَغَ اِلْتَفَتَ اِلَیَّ قَالَ یَا عُقْبَةُ کَیْفَ رَأَیْتَ۔ (رواه احمد وابوداؤد والنسائی)

તરજુમોઃ– હઝરત ઉકબા બિન આમિર (રદિ.)થી રિવાયત છે કે હું એક સફરમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની ઉટણી મુબારકની મહાર પકડી ચાલી રહ્યો હતો, સફર દર્મિયાન રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મને ફરમાવ્યુંઃ ઉકબા! હું તમને કુર્આનની બે સારામાં સારી સૂરતો શિખવાડું? તે પછી આપ(સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ " قُل اعُوذُ بربِّ الفلق " અને " قُل اعُوذُ بربِّ النَّاس " શિખવાડી. પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એવું અનુમાન કર્યુ કે એ બે સૂરતોની તાલીમથી મને કંઈ વધુ ખુશી થઈ નથી. તો જયારે સવારની નમાઝ માટે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એક જગા પડાવ નાખ્યો ત્યારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એજ બંને સૂરતો પઢીને ફજરની નમાઝ પઢાવી. અને નમાઝથી ફારિગ થયા પછી મારી તરફ જોઈને ફરમાવ્યું ઉકબા! તમે શું જોયું અને શું અનુમાન કર્યુ? (મુસ્નદે અહમદ, અબૂ દાઉદ, નસાઈ)

(۱۲۱) عَنْ اَبِیْ هُرَیْرَةَؓ قَالَ کَانَ النَّبِیُّﷺ یَقْرَأُ فِی الْفَجْرِ یَوْمَ الْجُمُعَةِ بِالٓمّٓ تَنْزِیْلُ فِی الرَّکْعَةِ الْاُوْلٰی وَفِی الثَّانِیَةِ هَلْ اَتٰی عَلَی الْاِنْسَانِ۔ (رواه البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જુમ્આના દિવસે ફજરની પહેલી રકાતમાં " الٓمّٓ تنزیل " (એટલે સૂરએ સિજદહ) અને બીજી રકાતમાં "هل

اتی علی النسان " (એટલે સૂરએ દહર) પઢયા કરતા હતા.

ખુલાસો :– ફજરની નમાઝમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની કિરાઅત વિષે જે હદીષો અત્યાર સુધીમાં ટાંકવામાં આવી, અને હદીષની કિતાબોમાં તે સિવાય બીજી જે રિવાયતો એ બાબતમાં મળે છે. તે બધી નઝર સમક્ષ રાખવાથી જણાય છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની કિરાઅત ફજરની નમાઝમાં બીજી નમાઝો કરતાં વધુ ભાગે થોડી લાંબી રહેતી હતી, પરંતુ કોઈકવાર (કદાચ કોઈ ખાસ કારણ સર) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ફજરની નમાઝ " قُل یا ایُّها الکافِرُون " અને "قُل هُوَ اللّٰه احد" તથા " قُل اعُوذُ بربِّ الفلق " અને " قُل اعُوذُ بربِّ النَّاس " જેવી નાની સૂરતો વડે પઢાવતા હતા. એ જ મુજબ આ હદીષોથી એ પણ જાણવા મળ્યું કે આપનો આમ રિવાજ નમાઝની રકાતોમાં અલગ અલગ સૂરતો પઢવાનો હતો, પરંતુ કોઈકવાર એવું પણ બનતું હતું કે કોઈ સૂરતમાંથી અમૂક આયતો પઢતા હતા અને કોઈ વાર એવું પણ થયું કે આપે બંને રકાતોમાં એક જ સૂરત તિલાવત ફરમાવી.

જુમ્આની ફજરમાં સૂરએ સજદઅ અને સૂરએ દહર પઢવાની હિકમત હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.)એ બયાન કરી છે કે એ બંને સૂરતોમાં કયામત અને જઝા સજાનું બયાન ઘણી જ અસર કારક રીતે કરવામાં આવ્યું છે અને કયામત સહીહ હદીષોમાં બતાવ્યા મુજબ જુમ્આના દિવસ જ કાયમ થશે. જેથી કદાચ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તેની યાદ અપાવવા માટે જુમ્આના દિવસે ફજરમાં આ બંને સૂરતો પઢવાને પસંદ ફરમાવતા હતા. ••••

# અલ્લાહની રાહમાં ખર્ચ કરવા (ઝકાત) નો આદેશ અને શયતાની અંદેશો

*—— મુફતી ફરીદ અહમદ કાવી.*

بسم الله الرحمن الرحيم

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ
وَلَا تَيَمَّمُوا الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ وَلَسْتُمْ بِاٰخِذِيْهِ اِلَّآ اَنْ تُغْمِضُوْا فِيْهِ ؕ وَاعْلَمُوْٓا
اَنَّ اللّٰهَ غَنِيٌّ حَمِيْدٌ ﴿۲۶۷﴾ اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَاْمُرُكُمْ بِالْفَحْشَآءِ ۚ وَاللّٰهُ يَعِدُكُمْ
مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۲۶۸﴾ ۖۙ يُّؤْتِي الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ يُّؤْتَ
الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًا ؕ وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ﴿۲۶۹﴾ وَمَآ اَنْفَقْتُمْ مِّنْ
نَّفَقَةٍ اَوْ نَذَرْتُمْ مِّنْ نَّذْرٍ فَاِنَّ اللّٰهَ يَعْلَمُهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿۲۷۰﴾ اِن

તરજમહ : હે ઈમાનવાળાઓ ! તમે જે ચોખ્ખો માલ કમાયા છો એમાંથી તથા અમે જમીન માંથી જે ચીજો તમારા માટે ઉત્પન્ન કરી છે તેમાંથી ખર્ચ કરો. અને એવો ઈરાદો પણ ન કરો કે રદ્દી વસ્તુઓ ખર્ચ કરીશું, જયારે કે તમે પોતે પણ એવી વસ્તુઓ લેતા નથી, સિવાય કે તમે એ બાબતે અનદેખી કરો. અને ખૂબ જાણી લ્યો કે અલ્લાહ બેનિયાઝ અને ખૂબીઓવાળો છે (૨૬૭) શયતાન તમને ગરીબીથી ડરાવે છે અને તમને બુરાઈ (એટલે કંજૂસી) કરવાનું કહે છે અને (એની સામે) અલ્લાહ તઆલા પોતાના તરફથી મગફિરત અને વધારે આપવાનો વાયદો કરે છે. અને અલ્લાહ બહુ ઉદાર, સઘળું જાણનાર છે (૨૬૮) અલ્લાહ જેને ચાહે છે તેને હિકમત (દીનની સમજ) આપે છે અને જેને સદ્‌બુદ્ધિ મળી તેને બેશક ઘણી ખૂબીઓ મળી ગઈ. અને સમજદાર લોકો જ (આ બધી વાતોનો) બોધ ગ્રહણ કરે છે (૨૬૯) અને તમે જે કંઈ ખર્ચ કરો છો અથવા કોઈ મન્નત માનો છો તો બેશક અલ્લાહ તેને જાણે છે, અને ઝાલિમોનો કોઈ મદદગાર હશે નહિં (૨૭૦)

તફસીર : પ્રથમ આયતમાં અલ્લાહ તઆલા લોકોને એમની ચોખ્ખી એટલે હલાલ કમાણીમાંથી ખર્ચ કરવાનો આદેશ આપ્યો છે. એટલે કે અલ્લાહ અને રસૂલ દ્વારા બતાવવામાં આવેલ ઝકાત વગેરે આદેશોનું પાલન કરવાનું છે. માણસે વેપાર, નોકરી વગેરે રીતે પોતે કમાયેલા અને ખેતી વગેરે કરીને ધરતીમાંથી મેળવેલા માલમાંથી ઝકાત આપવાનો આદેશ આ આયતમાં છે. ઉલમા લખે છે કે આયતમાં સમુદ્રમાંથી નીકળતા ખઝાના વિશે કોઈ હુકમ નથી, એટલે સમુદ્રમાંથી મળતા મોતીઓ વગેરે ઉપર કોઈ ઝકાત નથી. બીજો હુકમ અને તાકીદ આ

આયતમાં આ છે કે અલ્લાહના રસ્તામાં ખરાબ માલ ન આપવામાં આવે. સહાબા એમની ખજૂરની વાડીઓમાંથી ખજૂરની લૂમો લાવીને મસ્જિદે નબવીમાં લટકાવી દેતા હતા. જેમાંથી જરૂરતમંદ લોકો ખાતા હતા. અમુક લોકોએ ખરાબ ખજૂરો લાવીને લટકાવી તો અલ્લાહ તઆલાએ ઉપરોકત આયત નાઝિલ ફરમાવી કે અલ્લાહની રાહમાં ખરાબ માલ ખર્ચ કરવાનો ઈરાદો પણ ન કરો. ખરાબ માલ માણસ સભાનપણે પોતે પણ સ્વીકારતો નથી તો પછી અલ્લાહ તઆલાના રસ્તામાં આવો માલ ખર્ચ કરવો અલ્લાહ તઆલાનું અપમાન કહેવાય. આયતમાં છેલ્લે અલ્લાહ તઆલાના બે ગુણોનો ઉલ્લેખ છે. અલ્લાહ તઆલા ગની – બેનિયાઝ છે. એટલે કે અલ્લાહ તઆલાને તમારા માલની જરૂરત નથી. કાફિરો અને મુશ્રિકો એમના માબૂદોને ચરણોમાં માલ – પ્રસાદ વગેરેના મોહતાજ સમજતા હતા, એનું ખંડન છે કે અલ્લાહ તઆલાના રસ્તામાં માલ ખર્ચ કરવાનો હુકમ એટલા માટે નથી કે અલ્લાહને માલની જરૂરત છે. બીજો ગુણ આ છે કે અલ્લાહ તઆલા વખાણ અને તારીફને પાત્ર છે. એટલે કે અલ્લાહ તઆલા દરેક બાબતે સર્વગુણ સંપન્ન છે અને એ આધારે એનાથી વધારે કાબિલે તારીફ કોઈ હસ્તી નથી. અને આવી હસ્તી કામિલ હસ્તીના આદેશથી ખરાબ માલ ખર્ચ કરવાનો ઈરાદો પણ ખોટો છે.

માણસનો સ્વભાવ છે કે મોજ મસ્તી કે ફુઝૂલ ખર્ચ કરતી વેળા એને માલ ઓછો થવાની બીક નથી લાગતી. આવતી કાલની ફિકર સતાવતી નથી, પણ નેક કામમાં ખર્ચ કરવાની વાત આવે છે ત્યારે એને ભવિષ્યની ચિંતા સતાવે છે, માલ ઓછો થવાની બીક લાગે છે, એને જ આ આયતમાં કહેવામાં આવ્યું છે કે શયતાન માણસને આવા સમયે ગરીબીથી બીવડાવીને કંજૂસાઈ કરવાનું કરવાનું કહે છે. એની સામે અલ્લાહનો વાયદો છે કે માણસ એની રાહમાં માલ ખર્ચ કરશે તો બદલામાં આખિરતની મગફિરત પણ આપશે અને દુનિયામાં પણ માલમાં બરકત – વધારો આપશે. હવે માણસે વિચારવાનું છે કે કોની વાત માનવી છે ?

પછીની આયતમાં 'હિકમત'ની વાત છે. ઈસ્લામ અને શરીઅત શું કહે છે એની સમજ અને એ પ્રમાણે કરવાની હિમ્મત એટલે હિકમત. અલ્લાહ તઆલાની આ મોટી નેઅમત છે, અલ્લાહ જેને ચાહે છે તેને જ આ સદબુદ્ધિ આપે છે, અને કહેવાતા મોટા મોટા ફિલોસોફરો અજ્ઞાનતા અને જહાલતની વાત કરતા રહી જાય છે. અને જેને આ સદબુદ્ધિ મળી જાય એને અલ્લાહ તરફથી ઘણી બધી નેઅમતો મળી જાય છે. એને સમજ હોય છે કયો ખર્ચ અલ્લાહની રાહમાં છે, જયાં વધારેથી વધારે ખર્ચ કરવામાં આવે અને કયો ખર્ચ દુનિયાનો છે, જેમાં ઓછો ખર્ચ કરીએ ?

---

# રમઝાનનો બોધપાઠ વરસભર અપનાવીએ.

હઝરત મવલાના અલી મીયાં રહ. ફરમાવે છે કે સામાન્ય રીતે રમઝાનમાં માણસને પાંચ કામો કરવાનો હુકમ આપવામાં આવ્યો છે અને લગભગ દરેક મુસલમાન રમઝાનના દિવસોમાં એ કામો કરવાનો એહતેમામ કરે છે. રમઝાન પછી પણ એ કામો માણસે ચાલુ રાખવા જોઈએ. એ રમઝાનની ખરી બરકત છે. રમઝાનના આ કામો રમઝાન પછી પણ ચાલુ રહે તો માણસે સમજવું કે આ રમઝાન દ્વારા એના જીવનમાં પરિવર્તન આવ્યું છે. રમઝાન માણસ દરેકને એના જીવનમાં નેક અને હકારાત્મક પરિવર્તન લાવવાનો એક મોકો આપે છે, માટે માણસ એનો લાભ ઉઠાવીને રમઝાન દ્વારા પોતાની જિંદગીની રાહ નેકીના રસ્તા ઉપર નાંખી શકે છે.

(૧) રમઝાનમાં જે કામો અને ઈબાદતો સૌથી વધારે કરવામાં આવે છે એમાં પ્રથમ ઈબાદત તોબાની છે. રમઝાન પછી પણ માણસે પરવરદિગાર સામે તોબા કરવાની આદત ચાલુ રાખવી જોઈએ. કોઈ પણ માણસને આ સારું ન લાગશે કે એક મહીનો અલ્લાહ તઆલા પાસે તોબા કરીને માફી માંગે અને નિરાંતે બેસી જાય અથવા પાછો ગુનાહોમાં પરોવાય જાય.

(૨) રમઝાનમાં માણસ અમુક નેક કામો જેમ કે ઝિક્ર, તિલાવત, સખાવત, અન્ય નેક કામો કરવા ઉપરાંત પોતાનો સમય મસ્જિદમાં અથવા સારી સોબતમાં પસાર કરે છે. ઘણા લોકો એતેકાફ કરે છે. રમઝાન પછી પણ આ બધા કામો કરતા રહેવાનું છે. રોજિંદા કામો અને પ્રવૃતિઓના કારણે એમાં તફાવત આવે

પણ આ બધી નેક આદતોને રમઝાન પૂરતી જ સિમિત કરવામાં ન આવે.

(૩) રમઝાનમાં માણસ શરીઅતના આદેશોનું પાલન કરવામાં તત્પરતા બતાવે છે. ઈસ્લામ અને મુસલમાનોને લગતી બાબતો પ્રત્યે માણસનું વલણ સારું અને હકારાત્મક હોય છે. નેક કામ અને નેક માણસોનો એહતેરામ કરે છે. આવી જ સ્થિતિ રમઝાન પછી પણ હોવી જોઈએ. આપણે ફકત એક મહીના પૂરતા મુસલમાન નથી. મરતાં સુધી દરેક રીતે મુસલમાન છીએ. એટલે રમઝાન પછી પણ પોતાના સાચા અને ફરમાબરદાર મુસલમાનો હોવાનો એહસાસ બાકી રાખવો જોઈએ.

(૪) કુરઆન શરીફ રમઝાનનો તોહફો અને ઈનામ છે. કુરઆન શરીફ અલ્લાહ તઆલાએ રમઝાનમાં જ નાઝિલ ફરમાવ્યું છે. એટલે રમઝાનમાં કુરઆનની તિલાવતનો ખાસ એહતિમામ કરવામાં આવે છે. તિલાવતની આ આદત રમઝાન પછી પણ ચાલુ રહેવી જોઈએ.

(૫) રમઝાનની બરકતથી માણસને જે અમુક ખાસ નેકી કરવાની તોફીક મળે છે એમાં ગરીબો, સગાઓ અને સંબંધીઓ સહાય કે મદદ કરવાનું નેક કામ પણ છે. સહાય, મદદ અને સખાવતનો માણસ એહતેમામ કરે છે. ઝકાત ઉપરાંત પણ ઘણી સખાવતો માણસ કરે છે. ખાવા – પીવાની દાવતો પણ થાય છે. આ નેકીની કંઈક અસર રમઝાન પછી પણ બાકી રહેવી જોઈએ. રમઝાન પછી કંજૂસ બનીને બેસી ન રહીએ. સખાવત અને હમદર્દીની અસર બાકી રહેશે તો જેમ રમઝાનમાં મુસ્લિમ સમાજનું જે સારું ચિત્ર આપણી સામે આવે છે એવું જ રમઝાન પછી પણ જોવા મળશે. ઈન્શાઅલ્લાહ.

———————————————

# રમઝાન પછી

## માણસે કેવી રીતે જિંદગી ગુઝારવી જોઈએ ?

હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે માનવીને એના પૂરા જીવન વિશે માર્ગદર્શન અને જીવનપથ દર્શાવતાં ફરમાવ્યું છે કે,

*–જયાં પણ રહો, અલ્લાહથી ડરો, (તકવો અપનાવો)*

*–કોઈ બુરાઈ–ગુનાહ થઈ જાય તો તુરંત કોઈ નેકીનું કામ કરી લો, ગુનાહ ધોવાય જશે.*

*–લોકો સાથે સંસ્કાર અને અખ્લાકથી વર્તો.*

બીજી એક હદીસ શરીફ હઝરત અબૂ હુરયરહ રદિ. ફરમાવે છે કે,

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછવામાં આવ્યું કે માણસને જન્નતમાં સૌથી વધારે લઈ જનારી બાબત કઈ છે ? તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

*–અલ્લાહનો ડર (તકવા) અને*

*–સારા અખ્લાક.*

આ બન્ને હદીસોમાં ત્રણ વાતોની તાકીદ કરવામાં આવી છે, આ ત્રણેવ બાબતો એવી છે કે રમઝાનમાં મુસલમાન એનો વધારે એહતેમામ કરતો જોવા મળે છે, મુસલમાનના દિલમાં રમઝાનના એહતેરામ અને સ્થાનના લઈ મુસલમાન નેકીઓ કરવા પ્રતિ વધુ તત્પર રહે છે, પરિણામે ઉપરની બાબતો ઉપર એનો અમલ વધારે રહે છે, એ આપણે જોઈએ જ છીએ.

રમઝાન પછીના દિવસોમાં પણ આ જ ત્રણ બાબતો મહત્વની છે. રમઝાન દરમિયાન અપનાવેલ આ ત્રણ સદગુણો અને નેક અમલોને જારી રાખવા અને પૂરા જીવનનો ભાગ બનાવવાની જરૂરત છે. રમઝાન માસ દરમિયાન એને અપનાવીને માણસે અનુભવ કરી લીધો હોય છે કે એનાથી મને કોઈ દીની – દુન્યવી નુકસાન નથી થયું, ઉલટાનો

દીની–દુન્યવી લાભ જ થાય છે, તો પછી અનુભવેલ આ નુસ્ખાને અપનાવી રાખવમાં જ માનવીનો ફાયદો છે.

આ ત્રણમાં પહેલી વસ્તુ અલ્લાહનો ડર (તકવા) છે. રમઝાન તો તકવાનો જ મહીનો છે. રોઝો ફરજ કરવાનો મોટો ફાયદો કુર્આનમાં અલ્લાહ તઆલાએ તકવા જ બતાવ્યો છે. રમઝાનની બરકતથી માણસને અલ્લાહનો એટલો ડર જરૂર મળે છે કે તે સખત ભૂખ–તરસ લાગે તો, ગમે તેવી એકલતામાં પણ રોઝો તોડવામાં અલ્લાહથી ડરે છે. માટે રમઝાન પછી પણ અલ્લાહનો આ ડર દિલમાં રાખવાની જરૂરત છે. અલ્લાહ મહેરબાની થાય તો અલ્લાહ તઆલા આખું વરસ પણ આપણને આ 'ડર' આપી શકે છે. માણસે પોતાના પ્રયત્નો દ્વારા એની શરૂઆત કરવાની જરૂરત છે.

ઘણા માણસો તકવાનું આવું મહત્વ સમજીને નેક જીવનની શરૂઆત કરે છે, પણ આખરે તે માણસ છે, ફરિશ્તો નથી, શયતાન અને નફસ એની સાથે જ હોય છે, જે માણસને તકવાથી દૂર ખેંચી જાય છે. પરિણામે માણસ કોઈ ગુનાહ કરી બેસે છે, કોતાહી થઈ જાય છે. આવી સૂરતમાં જરૂરી થઈ જાય છે કે જલ્દીથી એ કોતાહીને ખતમ અને ગુનાહને ધોય – સાફ કરીને માણસ ફરી પાછો અસલ સ્થિતિમાં આવી જાય.

આ જ પરિસ્થિતિનો નુસ્ખો હદીસ શરીફની બીજી નસીહત અને તાકીદમાં છે કે ગુનાહ–કોતાહી થઈ જાય તો તુરંત કોઈ નેકીનું કામ કરીને એને ધોય નાખો. રમઝાનની બરકત અને મહેનતથી માણસે અનેક નેકીઓ કરી હોય છે, અને અનુભવ્યું હોય છે નેક કાર્યો માટે સમય ફાળવવો અને નેકીનું કામ કરવું સરળ અને સ્વભાવિક છે. આ અનુભવ અને આવડતનો લાભ લેવાનો આ સમય છે. માટે નેકીઓ કરતા રહેવાની આદત પણ રમઝાનની જેમ આખું વરસ ચાલુ રાખવી જોઈએ. ખુલાસો એ થયો કે,

ગુનાહોથી બચો, નેકીઓ કરો, જો ગુનાહ થઈ જાય તો એને ખતમ કરવા નેકી કરી લો. અને એટલું ખ્યાલ રાખો કે નેકીઓ કરતાં ગુનાહો

વધી ન જાય. કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

*લોકો નેક અમલો સાથે બીજી બુરાઈઓ શામેલ કરી દે છે, ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા એમના ઉપર રહમ ફરમાવે. (તવબહ : ૧૦૨)*

આ બે બાબતો માણસ અને એના પરવરદિગાર વચ્ચેની હતી, ત્રીજી બાબત છે માણસ અને એના દુન્યવી સંબંધો અને વ્યવહારોની. એટલે કે પરસ્પરના જીવનમાં એક બીજા સાથે સદવર્તન અને અખ્લાકભર્યા વ્યવહારની. આમ આ ત્રીજી બાબતનો માણસ એહતેમામ કરી લે તો એની દીની – દુન્યવી જિંદગી બેહતર બની જાય એમાં શંકા નથી.

માણસ રમઝાન દરમિયાન ગુસ્સાથી બચવાનો એહતેમામ કરે છે, ગેરજરૂરી વાતો, લડાઈ–ઝઘડાથી દૂર રહે છે. ખોટી વાતોથી બચવા માણસ 'રોઝેદાર' હોવાનો સહારો લે છે. એટલે કે તે એહસાસ રાખે છે હું સવારથી સાંજ સુધી અલ્લાહની ઈબાદતમાં મશ્ગૂલ છું, અને ઈબાદત દરમિયાન કોઈ ગલત કામ કરવા માંગતો નથી.

માણસે આ એહસાસ અને અનુભવને આગળ વધારીને રમઝાન સિવાયના અન્ય દિવસો સુધી લંબાવવાની જરૂરત છે.

રમઝાનમાં અપનાવેલ અખ્લાક અને સંસ્કારમાં એક મહત્વની બાબત 'સંયમ' (દરગુઝર) છે. માનવજીવનમાં આ મહત્વની બાબત છે.

ઈમામ અહમદ બિન હમ્બલ રહ. ફરમાવે છે કે, સારા અખ્લાક આ છે કે માણસ લોકો તરફથી પહોંચતી તકલીફ બરદાશ્ત કરે.

હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સારા અખ્લાક ઉપર મળતો સવાબ દર્શાવતાં ફરમાવે છે કે,

માણસ સારા અખ્લાક દ્વારા રોઝો રાખી રાતભર ઈબાદત કરનાર માણસ જેટલો સવાબ કમાય શકે છે. (અબૂ દાવૂદ)

હઝરત અબૂ દરદાઅ રદિ.ની રિવાયતમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે, આમાલના ત્રાજવામાં સારા અખ્લાકથી વધારે ભારે બીજી કોઈ વસ્તુ નથી. (મુ. અહમદ)

---

# ખ્વાબ - સપના વિશે ઇસ્લામી માર્ગદર્શન

અલ્લાહ તઆલા તરફથી નબીઓ સુધી કોઈ હુકમ કે વાત પહોંચાડવાને 'વહી' કહેવામાં આવે છે. અને વહી માટે અલ્લાહ તઆલા વિવિધ તરીકાઓ અપનાવે છે. કદી નબીઓ સાથે સીધી રીતે વાત કરવામાં આવે છે. હઝ.મૂસા અલૈ. અને આપણા નબી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે સીધી રીતે વાત કરવાનો ઉલ્લેખ કુરઆન શરીફમાં છે.

કદી ફરિશ્તાઓ મારફત અલ્લાહની વાત નબીઓ સુધી પહોંચાડવામાં આવે છે. વધુ પડતી આ રીત જ અલ્લાહ તઆલા તરફથી અપનાવવામાં આવી છે અને હઝ. જિબ્રઈલ અલૈ. વહી લઈને આવતા હતા. કદી ગેબી અવાજ દ્વારા વહી આપવામાં આવે છે તો કદી ખ્વાબ (સપના)માં કોઈ બાબત બતાવીને વહી આપવામાં આવે છે, અને એના મતલબ (તાબીર) દ્વારા નબીને કોઈ રાહબરી કરવામાં આવે છે તો કદી ખ્વાબમાં હૂબહૂ એ બધું જ બતાવવામાં આવે છે જે જાગૃત અવસ્થામાં કરવાનું હોય છે. જેમ કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એક જાદૂના તોડ માટે અલ્લાહ તઆલા તરફથી ખ્વાબમાં બતાવવામાં આવ્યું હતું.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નુબુવ્વત મળવા પહેલાંથી જ અલ્લાહ તઆલાએ ખ્વાબો દ્વારા નુબુવ્વતની જિમ્મેદારી માટે તૈયાર કરવાનું શરૂ કરી દીધું હતું. ગારે હિરામાં સૌ પ્રથમ 'ઈક્રઅ'ની જે વહી હઝરત જિબ્રલઈ લઈને આવ્યા હતા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ભીંસીને પઢવા માટે તૈયાર કર્યા હતા, એ ઘટના હૂબહૂ પહેલાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખ્વાબમાં બતાવી દેવામાં આવી હતી. (ઈબ્ને હિશામ, તબરી)

તફસીરે ઈબ્ને કષીરમાં છે કે અંબિયા કિરામના ખ્વાબ વહી હોય છે.

એટલે કે એમને અલ્લાહ તઆલા જ કોઈ વાત ખ્વાબ દ્વારા બતાવે છે. અને એનો આશય એમને અલ્લાહ તરફથી કોઈ જરૂરી વાતનું માર્ગદર્શન અને આદેશ આપવાનો જ હોય છે.

અલ્લાહ તઆલા તરફથી બીજા અનેક નબીઓને પણ ખ્વાબ દ્વારા વહી આપવામાં આવી હતી. હઝરત ઈબ્રાહીમ અલૈ. પોતાના પુત્રને ઈસ્માઈલ અલૈ.ને ઝબહ કરે છે એવા ખ્વાબનું વર્ણન કુરઆનમાં પણ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખ્વાબનો ઉલ્લેખ પણ કુરઆનમાં છે.

ઊંઘમાં સપનાં આવવા એક કુદરતી બાબત છે. સપનું સારું અને બુરું, ખુશ કરનારું અને બિહામણું, પ્રોત્સાહક અને નિરાશાનજક, દરેક પ્રકારનું હોય છે. દરેક સપનું સાચું હોય એ જરૂરી નથી. બલકે અમુક જ સપનાં સાચા હોય છે. સામાન્ય પણે માણસના દિવસભરના વિચારો જ રાત્રે સપનાનું રૂપ ધારણ કરી લેતા હોય છે. અલબત્ત કદી અલ્લાહ તઆલા માણસને કોઈ સાચી વાત પણ સપના દ્વારા બતાવી દે છે. કદી હુબહૂ કોઈ બાબત બતાવવામાં આવે છે તો કદી સાંકેતિક રૂપે બતાવવામાં આવે છે. માણસના વિચારો જેટલા સ્વચ્છ અને નેક હોય એટલા જ સપના સારા અને સાચા હોય છે.

ઘણા લોકો વાસ્તવિકતાઓ ભૂલીને સપનાઓ ઉપર વધારે ધ્યાન આપે છે. દિવસ ભર વિચારોમાં રાચતા રહે છે, અને પછી રાત્રે જોયેલું ગમે તેવું સપનું હોય, એને લઈને કોઈની પાસે તાબીર માટે દોડી જાય છે. પણ દરેક સપનાની કોઈ તાબીર હોય એ જરૂરી નથી. કયું સપનું પોતાના અંદર કોઈ સંદેશ અને તાબીર ધરાવે છે એની પણ શરતો છે અને આવી તાબીર આપવા માટે તાબીરની વિશેષ વિદ્યાની ઊંડી જાણકારી પણ જરૂરી છે. માટે લોકોએ સપનાઓ ઉપર વધારે ધ્યાન આપવાના બદલે દિવસભરના કામોમાં અમાનતદારી અને ભલાઈ સાથે વ્યસ્ત રહેવાની વધારે જરૂરત છે. માણસના આમાલ સારા હોય તો અલ્લાહ તઆલાના ફેસલા સારા જ રહેશે. પછી સપનામાં કોઈ ખુશખબરી જોવાનો ઈન્તેઝાર

બાકી નહી રહે.

હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ રદિ. રિવાયત ફરમાવે છે કે, એક દિવસ અમે બધા મદીના શરીફમાં સુફફહ ઉપર બેસેલા હતા. એવામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અમારી પાસે આવ્યા અને ફરમાવ્યું :

આજે રાત્રે મેં એક અજીબ ખ્વાબ જોયું.

- મારી ઉમ્મતના એક માણસને મેં જોયો કે મલિકુલ મોત એની રૂહ કાઢવા અને મોત આપવા આવી પહોંચ્યા છે. પણ વાલિદૈન સાથેનું એનું સદવર્તન આડે આવી ગયું અને મલિકુલ મોતને પાછા મોકલી દીધા.
- ઉમ્મતના બીજા એક માણસને મેં જોયો કે શયતાનો એને પરેશાન કરી રહયા છે. પણ અલ્લાહનો ઝિક્ર આવ્યો અને શયતાનોને ભગાવી દીધા.
- ઉમ્મતના એક માણસને જોયો કે અઝાબના ફરિશ્તાઓ એને ડરાવી રહયા છે. એટલામાં એની નમાઝ આવી અને એ માણસને અઝાબના ફરિશ્તાઓના હાથમાંથી છોડાવીને લઈ ગઈ.
- બીજા એક માણસને જોયો કે તરસના કારણે હાંફી ગયો છે અને જે હોજ – તળાવ ઉપર પાણી પીવા જાય છે એને કાઢી મુકવામાં આવે છે. એટલામાં એના રમઝાનના રોઝા આવ્યા અને એ માણસને ધરાયને પાણી પીવડાવ્યું.
- મેં જોયું કે ઘણા બધા અંબિયાએ કિરામ અલગ અલગ સમુહોમાં બેસેલા છે. અને મારી ઉમ્મતનો એક માણસ કોઈ જમાતમાં બેસવા ચાહે છે પણ એને મના કરવામાં આવે છે. પછી એનું જનાબતની પાકીનું ગુસલ આવ્યું અને એનો હાથ પકડીને મારી મજલિસમાં બેસાડી દીધો.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે એની આગળ, પાછળ, ડાબે, જમણે અને ઉપર, દરેક તરફ અંધારું છે. અને એ માણસ અંધારાથી

ઘણો જ પરેશાન છે. એવામાં એના હજ – ઉમરહ આવ્યા અને અંધારામાંથી કાઢીને અજવાળામાં લઈ આવ્યા.

- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે આગની જવાળાઓથી બચવાનો પ્રયત્ન કરી રહયો છે. એવામાં એનો સદકહ આવ્યો અને આગ સામે આડશ અને માથા ઉપર છત બની ગયો.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે તે મુઅમિન લોકો સાથે વાત કરવા ઈચ્છે છે પણ લોકો એની સાથે વાત કરતા નથી. એવામાં એની સિલહ રહમી (સગાઓ સાથે ભલાઈ) આવી અને કહેવા લાગી કે હે મોમિનો ! આ માણસ સિલહ રહમી એટલે કે સગાઈ સાચવનાર અને ભલાઈ કરનાર હતો. માટે એના સાથે વાત કરો. ત્યાર પછી લોકોએ એના સાથે વાત કરી અને લોકો એને મળવા લાગ્યા અને એ પણ લોકોને મળવા લાગ્યો.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે જલ્લાદોએ એને મારવા માટે પકડી લીધો છે. એવામાં અમ્રબિલમઅરૂફ અને નહીઅનિલમુન્કર (નેકીની તબ્લીગ અને બુરાઈઓથી રોકવાની નેકી)એ આવીને એને જલ્લાદોના હાથમાંથી છોડાવી લીધો અને રહમતનના ફરિશ્તાઓને હવાલે કરી દીધો.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે ઘુંટણિયે પડયો છે પણ એના અને અલ્લાહ તઆલા વચ્ચે એક પરદો છે જેના કારણે તે અલ્લાહના દરબારમાં હાજર થઈ શકતો નથી. એવામાં એના અખ્લાક અને સંસ્કારો આવ્યા અને હાથ પકડીને એને અલ્લાહ તઆલાની સામે મોકલી દીધો.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે એનું નામએ આમાલ ડાબી તરફ જઈ રહયું છે, એવામાં અલ્લાહનો ડર આવ્યો અને નામએ આમાલને જમણા હાથમાં મૂકી દીધું.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે એની નેકીઓનું પલ્લું હલકું છે, એવામાં એના બાળપણમાં મરી ગયેલા બચ્ચાઓ આવ્યા અને

પલ્લાને ભારે કરી દીધું.

- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે તે જહન્નમના કિનારે પહોંચી ચુકયો છે. એવામાં એણે અલ્લાહ તઆલા સાથે રાખેલ મગફિરતની ઉમ્મીદ આવી પહોંચી અને એ માણસને જહન્નમથી બચાવીને ચાલી ગઈ.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે જહન્નમમાં જઈ પડયો છે, પણ થોડીવારે અલ્લાહના ડરથી એણે વહાવેલા આંસુઓ આવી ગયાં અને જહન્નમમાંથી કાઢી ગયાં.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે પુલ સિરાત ઉપર છે અને જોરદાર પવનમાં ઉડી રહેલ પાંદડાની જેમ ફફડી – થથરી રહયો છે. એવામાં અલ્લાહ તઆલા પ્રત્યે માફી અને રાહતનો જે વિશ્વાસ એણે રાખ્યો હતો એ આવી ગયો અને એને શાંત્વના – શકિત આપી ગયો.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે પુલ સિરાત ઉપર ઢસડી રહયો છે, ઘુંટણિયે પડીને એક બે કદમ ચાલીને લટકી પડે છે. એવામાં નમાઝ આવી અને એને પગો ઉપર સીધો ઉભો કરીને પુલ ઉપરથી પાર કરાવી દીધો.
- મેં મારી ઉમ્મતના એક માણસને જોયો કે જન્નતના દરવાજા સુધી તો પહોંચી ગયો, ત્યાં પહોંચ્યો કે તુરંત દરવાજા બંધ થઈ ગયા. એટલે એની લા ઈલાહ ઈલ્લલ્લાહ (તવહીદ – ઈમાન)ની ગવાહી આવી ગઈ અને જન્નતના દરવાજા ખોલીને એને જન્નતમાં દાખલ કરી દીધો.

*(તબરાની, મજમઉઝઝવાઈદ – તબરાની)*

ઉપરોકત ખ્વાબમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને વિવિધ નેક આમાલની બરકતો અને આખિરતમાં એના થકી મળનારા મહાન ફાયદાઓનું વર્ણન છે.

---

## સફળતાની ગુરૂચાવી

# ઇશ્કે નબવી

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : મારા પછી મારી સાથે મુહબ્બત કરનાર અમુક માણસો એવા આવશે જેમની તમન્ના હશે કે એમનું ઘર – બાર, માલ – સંપત્તિ, સઘળું લઈ લેવામાં આવે અને બદલામાં એમને ફકત મારી ઝિયારત નસીબ થાય.

અલ્લામહ ઈકબાલનો શે'ર છે :

*સાલારે કારવાં હે મીરે હિજાઝ અપના*
*ઈસ નામ સે હે બાકી આરામે જાં હમારા*

હિજાઝ એટલે કે મદીનાના સરદાર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અમારા અમીર અને પેશ્વા છે. એમના નામની બરકતથી જ અમારી રૂહ અને પ્રાણને આરામ મળે છે.

એક મુસલમાન માટે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુહબ્બત ઈમાનનો ભાગ છે. એના વગર ઈમાન અધૂરું ગણાય છે. એવો કોઈ મુસલમાન નથી હોઈ શકતો જે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે દુનિયાની દરેક વસ્તુ કરતાં વધારે મુહબ્બત ન ધરાવતો હોય.

હઝરત ઉમર રદિ.એ એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સમક્ષ પોતાની મુહબ્બત વ્યકત કરી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, જયાં સુધી હું તમને તમારી દરેક વસ્તુ, અને તમારા પ્રાણ કરતાં પણ વધારે મહબૂબ ન બની જાઉં, તમારું ઈમાન કામિલ નથી થઈ શકતું.

મુસલમાનોને જયારે મક્કાથી છોડીને મદીના હિજરત કરી જવાનો આદેશ આપવામાં આવ્યો તો અમુક લોકોને હિજરત કરવા બાબતે કંઈક સંકોચ હતો. અલ્લાહ તઆલાએ આ વેળા આયત નાઝિલ ફરમાવી : હે નબી ! તમે કહી દો કે જો તમને તમારા બાપ, બેટા, ભાઈઓ, પત્નિઓ અને કુટુંબ તેમજ તમારી કમાણી, ખોટ જવાની બીક લાગે છે તે વેપાર અને તમારી પસંદના રહેઠાણો... આ બધું વધારે અલ્લાહ, એના રસૂલ અને અલ્લાહની રાહમાં જિહાદ કરતાં વધારે પસંદ હોય તો પછી અલ્લાહનો હુકમ આવવાની રાહ જુઓ. (સુ. તવબહ : ૨૪)

અલ્લામહ કુર્તુબી રહ. આ આયતની તફસીરમાં લખે છે કે આયતથી પૂરવાર

થાય છે કે અલ્લાહ અને રસૂલથી મુહબ્બત રાખવી ફરજ છે. સઘળી ઉમ્મત આ બાબતે એકમત છે.

મુહબ્બત દિલની લાગણીનું નામ છે. બહુધા માણસનો એના ઉપર કોઈ કાબૂ નથી હોતો. એટલે કે કોઈની સાથે મુહબ્બત કરવા માટે માણસનું દિલ આપોઆપ પ્રેરાય અને ખેંચાય છે. માણસ પોતે એમાં કંઈ ખાસ કરી નથી શકતો. આમ છતાં કોઈ વિશેષ માણસની એવી ખૂબીઓને વારંવાર વિચારવામાં આવે જેના લઈને એની સાથે મુહબ્બત કરી શકાય તો ધીરે ધીરે દિલમાં મુહબ્બત પેદા થતી જાય છે. જેમ કોઈના એહસાનો, ખૂબસુરતી, સદવર્તન, વગેરે પ્રતિ ધ્યાન આપવામાં આવે તો માણસમાં એના પ્રતિ મુહબ્બત જાગે છે. કુરઆન અને હદીસમાં આ આધારે જ લોકોને કહેવામાં આવ્યું છે કે અલ્લાહ અને એના રસૂલની મહાનતા અને એહસાનો વિચારીને માણસે અલ્લાહ અને રસૂલ પ્રત્યે મુહબ્બત કરવી જરૂરી છે.

*કી મુહમ્મદ સે વફા તુ ને તો હમ તેરે હૈં*
*યે જહાં ચીઝ હે કયા ? લોહ વ કલમ તેરે હૈં*

મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશોનું પાલન અને એમના પ્રત્યે વફાદારી મુસલમાન કરી લે તો બધું જ એના હાથમાં આવી જશે. દુનિયાની શી વિસાત ! પછી તો અલ્લાહ તઆલાની તકદીરના ફેસલા પણ મુસલમાનની મરજી મુજબ થાય છે.

ઉલમાએ કિરામ લખે છે કે માણસને કોઈની સાથે મુહબ્બતના ત્રણ બુનિયાદી કારણો હોય શકે છે. સગાઈ અને રિશ્તેદારી. ધર્મ અને શ્રદ્ધા – અકીદત, ખૂબીઓ અને કાબેલિયત. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ત્રણેવ માપદંડો મુજબ દરેક મુસલમાન માટે સૌથી ઉચ્ચ અને બુલંદ સ્થાન ધરાવે છે.

સહાબએ કિરામ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે આવી જ મુહબ્બત ધરાવતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે માલ દોલત, મા બાપ અને અવલાદ કરતાં વધારે મુહબ્બત કરતા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કોઈ કામની તાકીદ ફરમાવતા તો સદાને માટે એની આદત બનાવી લેતા.

હઝરત અનસ રદિ.એ જોયું કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દૂધી ઘણી જ પસંદ ફરમાવે છે તો પોતે પણ શોખથી દૂધી ખાવા લાગ્યા. હઝરત જાબિર રદિ.એ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ સાંભળ્યો કે સરકો એક ઉત્તમ પ્રકારનું શાક છે. ત્યારથી શોખથી સરકો ખાવા માંડયા.

હઝરત ઝૈદ બિન હારિષહ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુલામ હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્રત્યે ઘણી જ મુહબ્બત ધરાવતા હતા. એમની મુહબ્બતથી પ્રભાવિત થઈને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને આઝાદ કરીને પોતાના દત્તક પુત્ર બનાવી લીધા હતા. એમની મુહબ્બતની દાસ્તાન ટુંકમાં અત્રે રજૂ કરીએ છીએ. અલ્લાહ તઆલા આપણને પણ ઈશ્કે નબવીની દોલત અતા ફરમાવે.

યમનના એક માલદાર કબીલા બનૂકલ્બના સરદાર 'હારિષહ' નામે હતા. માલ – દોલત અને માન – મરતબો, દુનિયાની બધી જ નેઅમતો ધરાવતા હતા. બે પુંત્રો જબલહ અને ઝૈદ નામે હતા. એકવાર એમના પત્નિ સુઅદા બાળકો સાથે પિયરે જઈ રહયાં હતાં ત્યારે રસ્તામાં એમનો કાફલો લૂટી લેવામાં આવ્યો. માલ અસબાબની સાથે નાના દીકરા ઝેદને પણ લૂટારાઓ લઈ ગયા.

દિલના ટુકડા જેવા વહાલા બાળકની જુદાઈમાં સુઅદાની દુનિયા અંધારી થઈ ગઈ. સવારથી સાંજ અને રાતની સવાર રોવા – ધોવા અને માતમમાં જ પસાર થવા લાગી. આવો જ હાલ બાપ હારિષહનો હતો. ઊંટો અને ઘોડા લઈને આસપાસ અને દૂર સુદૂરના શહેર ગામડા ખુંદી વળ્યો. લૂટારાઓએ ઝેદને કોકના હાથે ગુલામ બનાવીને વેચી દીધો હોય તો મોં માંગી કીમતે એને પાછો લાવવાનું એલાન કર્યું. જે મળે તેને પોતાના વહાલસોયાની નિશાની બતાવીને કરગરતો કે મને એના સમાચાર આપે. ઝાડો, પહાડો, દરિયા અને સહરા, બધાને જ સંબોધીને દીકરાનું સરનામું પૂછતો. દીકરાની શોધ અને જુદાઈમાં એવા દર્દભર્યા મરસિયા અને શાયરી ગાતો કે જે કોઈ સાંભળતું એની આંખો વહેવા માંડતી.

બીજી તરફ લૂટારાઓ ઝૈદને લઈને ઉકાઝના મેળામાં વેચવા લઈ આવ્યા. હઝરત ખદીજા રદિ.ના ભત્રીજા હકીમ બિન હિઝામને આ નાનકડો ગુલામ પસંદ પડી ગયો અને ૪૦૦ દિરહમમાં ખરીદી લીધો અને મક્કા આવીને પોતાના ફોય ખદીજાને ભેટમાં આપી દીધો. પછી હઝરત ખદીજા રદિ.ના નિકાહ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે થયા અને ઝૈદને એમની પાસે જોયા તો ઝૈદના સંસ્કાર અને વર્તન આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પસંદ પડી ગયાં અને ઝેદને હઝ. ખદીજા પાસેથી પોતાની સેવા – ચાકરી માટે માંગી લીધા.

મા – બાપથી વિખુટા પડેલ અને આઝાદીમાંથી ગુલામીમાં સપડાયેલા ઝૈદના નસીબ અહીંયાથી બદલાય જાય છે. મા – બાપની ખિદમતના બદલામાં અલ્લાહના મહબૂબ નબીની ખિદમતનો મોકો મળી ગયો અને દુનિયાની આઝાદીના

મુકાબલામાં આલોક અને પરલોકની આઝાદી મળી ગઈ.

બે ચાર વરસો પછી બનુકલ્બના અમુક માણસો હજ માટે મક્કા આવ્યા. કયાંક પડાવી નાખીને બેઠા હતા અને સમય વીતાવવા માટે ઝૈદના બાપ હારિષહે કહેલા મરસિયા અને દર્દભરી શાયરી ગણગણતા હતા. એવામાં ઝૈદ ત્યાંથી પસાર થયા તો આ બધું સાંભળીને અટકી ગયા. લોકોએ ઝૈદને અને ઝૈદે એમને જોયા તો કંઈક ઓળખાણ જેવું લાગ્યું. એકબીજાથી વાત કરી તો પાકું થઈ ગયું આ જ હારિષહનો લૂંટાયેલ દીકરો ઝૈદ છે. લોકોએ હઝરત ઝૈદને એમના મા – બાપની યાદ અપાવી. દર્દનાક કહાણી સંભળાવી અને દીકરાની જુદાઈમાં ખરાબ થયેલા એમના હાલ સંભળાવ્યા અને પોતાની સાથે વતન પરત ચાલવા આજિઝી કરી.

હઝ. ઝૈદે એમને જવાબ આપ્યો કે મારા વડીલો અને દોસ્તો ! મારા ગમગીન કુટુંબ અને જુદાઈમાં બેચેન મા – બાપને કહેજો કે હું ભલે તમારાથી દૂર છું, પણ સલામત છું, ખાનદાન અને કબીલાથી મુહબ્બત કરું છું. હવે હું ખાનએ કાબાની પાસે એક પવિત્ર સ્થળે છું અને પઢીઓથી ઈઝઝત અને મોભો ધરાવતા એક ઉચ્ચ ખાનદાનમાં પૂરા સન્માન સાથે રહું છું. જે ગમ અને માતમમાં તમે પરેશાન છો એને ભૂલી જાઓ. ઊંટોની જેમ આમતેમ ફરીને દેશ – પરદેશની ધૂળ ન ખાઓ.

આ લોકોએ યમન પહોંચીને હારિષહને ઝૈદના સમાચાર આપ્યા તો એમની ખુશીનો પાર ન રહયો. કબીલામાં ઈદનો માહોલ બની ગયો અને હઝ. ઝેદના વાલિદ હારિષહ તુરંત એમના ભાઈ કઅબ અને પુત્ર જબલહને સાથે મક્કા રવાના થઈ ગયા. મક્કા પહોંચ્યા અને સીધા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે પહોંચ્યા. હાથ પગ ચૂમીને રડતાં રડતાં કહેવા લાગ્યા :

હે કુરેશના સરદાર ! અબ્દુલ મુત્તલિબના રહેમદિલ વારસ ! ગરીબોના વાલી ! મોહતાજોના મદદગાર ! હું એક લાચાર બાપ મારા લખ્તે જિગર, નૂરે ચશ્મ, દિલના ટુકડાની જુદાઈમાં બળી રહયો છું. જે ચાહો તે લઈ લ્યો, પણ મને મારો દીકરો પાછો આપી દયો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે,

– બતાવો તો ખરા ! તમારો દીકરો કોણ છે ?

= ઝૈદ મારો દીકરો છે અને અમે એને લેવા આવ્યા છીએ.

– ઓહ ! ઝૈદ તમારો દીકરો છે. તો પછી ઝૈદને પૂછી લઈએ, એ તમારી સાથે આવવા માંગતો હોય તો મને કોઈ વાંધો નથી. કંઈ પણ લીધા – દીધા વગર તમે એને સાથે લઈ જાઓ. મારે કોઈ માલ નથી જોઈતો. પણ ઝૈદ આવવા ન ઈચ્છે તો હું એના ઉપર કોઈ દબાણ નહીં કરું.

આખરે ઝૈદને બોલાવવામાં આવ્યા. એમણે આવતાં જ પોતાના બાપ, કાકા અને ભાઈને ઓળખી લીધા. પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અદબના કારણે એમના તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં અને એકતરફ બેસી ગયા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

– ઝૈદ ! આ લોકોને ઓળખો છો ?

= યા રસૂલલ્લાહ ! હા,આ મારા વાલિદ છે. આ કાકા અને આ મારો ભાઈ છે.

– ઉઠો ! એમને સલામ કરો અને મળો.

ઝૈદ ઉભા થયા અને બાપને મળીને ભેટી પડયા. દીકરાની મુહબ્બત અને જુદાઈના ગમમાં તડપેલા હારિષહ પુત્રને છાતીએ વળગાડીને એટલા રડયા કે દાઢી અને કપડાં પણ ભીનાં થઈ ગયાં. મજલિસમાં હાજર દરેકની આંખોમાંથી પણ ડબ ડબ આંસુ સરી પડયાં. થોડી વાર પછી લાગણીઓ અને આવેશ શાંત થયા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

– ઝૈદ ! આ તમારા બાપ અને કાકા તમને લેવા આવ્યા છે. મારા તરફથી તમને પૂરી આઝાદી છે. તમે જવા ચાહો તો શોખથી જઈ શકો છો.

= મારા આકા, મારા સરદાર ! હું તમને છોડીને કયાંયે નથી જઈ શકતો. ખુદાના વાસ્તે મને તમારાથી દૂર ન કરો.

દીકરાના આ શબ્દો સાંભળીને હારિષહ તો હતપ્રભ થઈ ગયા. ઝૈદને સંબોધીને કહેવા લાગ્યા : બેટા ! આ શું બોલો છો ? તમને આઝાદી નથી જોઈતી. બાપ, કાકા, ભાઈ અને વતન બધું ભૂલીને ગુલામીમાં જ રહેવા માંગો છો ?

ઝૈદ કહેવા લાગ્યા કે, મારા આકા મારા ઉપર મારા બાપ કરતાં વધારે મહેરબાન છે. સગા બાપ કરતાં વધારે મને ચાહે છે, વહાલ કરે છે અને ખ્યાલ રાખે છે. મને તો એમની ગુલામી હઝાર આઝાદી કરતાં વધારે પસંદ છે.

ઝૈદ રદિ.નો આ જવાબ સાંભળીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એટલા ખુશ થયા કે એ જ ઘડીએ એમને આઝાદ કરી દીધા. હાથ પકડીને એમને ખાનએ કાબામાં લઈ ગયા અને કુરેશના લોકોને ભેગા કરીને એલાન કર્યું કે ઝૈદ આજથી મારો ફરઝંદ છે. હું એનો વારસ અને એ મારો વારસદાર થશે.

હારિષહ, કઅબ અને જબલહે જયારે આ મહેરબાની અને મુહબ્બત જોયી તો ખુશીથી તેઓ પણ ઝૂમી ઉઠયા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની દરિયાદીલી અને સખાવતનો શુક્ર અદા કર્યો અને ખુશીથી વતન પરત ફર્યા.

નોંટ : આ આખી ઘટના મક્કાની છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતના એલાન પૂર્વેની છે.

*અપને માં – બાપ સે બચપનમેં બિછડ કર એક દિન*
*સરે બાઝાર બિકે સૂરતે યૂસુફ નાચાર*
*થામ કર દામને સરકાર કો આખિર યે કહા*
*લાખ આઝાદિયાં એક તેરી ગુલામી પર નિષાર*

લાખો સહાબામાંથી ફકત હઝરત ઝૈદને જ આ બહુમાન પ્રાપ્ત છે કે કુરઆન શરીફમાં નામ સાથે એમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હઝરત આઈશહ રદિ. ફરમાવે છે કે હઝરત ઝૈદ શામેલ હોય એવી દરેક લડાઈ અને કાફિલામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત ઝૈદને જ અમીર બનાવતા હતા. જો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત વેળા તેઓ જીવંત હોત તો એમને જ પોતાના જાનશીન બનાવત.

મૂતહની લડાઈમાં રોમન લશ્કર સામે લડતાં લડતાં હઝરત ઝૈદ રદિ. શહીદ થઈ ગયા. આ લડાઈમાં શહીદ થયેલા સહાબાનો બદલો લેવા જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વફાત પૂર્વે એક લશ્કર તૈયાર કર્યું હતું. લશ્કરની સંખ્યા અને એમાં જનાર સહાબા પણ નક્કી થઈ ગયા હતા. હઝરત અબૂબક્ર રદિ., હઝરત ઉમર રદિ., હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિ., હઝરત અબૂઉબૈદહ બિન જર્રાહ રદિ. જેવા અનુભવી, બહાદુર અને મોટા મહાન સહાબા આ લશ્કરમાં શામેલ હતા. આ બધાના અમીર અને સેનાપતિ તરીકે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઝૈદ રદિ.ના પુત્ર ઉસામહ રદિ.ને નિયુકત ફરમાવ્યા. એમની ઉમર આ વેળા ફકત ૧૮ વરસની હતી. અમુક લોકોને આ બાબત કંઈક અજુગતી લાગી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એની ખબર પડી તો બીમારીની હાલતમાં માથા ઉપર પાટો બાંધીને હુજરામાંથી બહાર આવ્યા. બધાને મસ્જિદમાં ભેગા કર્યા અને મિમ્બર ઉપર બેસીને ફરમાવ્યું : મને ખબર પડી છે કે અમુક લોકોને ઉસામહની સરદારી ઉપર વાંધો છે. લોકો ! મારા માટે આ વાત નવી નથી. પહેલાં પણ અમુક લોકો ઉસામહના વાલિદ ઝૈદને લશ્કરના અમીર બનાવવા ઉપર વાંધો ઉઠાવી ચુકયા છે. ખુદાની કસમ ! ઝૈદ દરેક રીતે અમીર બનવાના કાબેલ હતા અને મને ઘણા જ વહાલા હતા અને હવે એમના પછી એમના પુત્ર ઉસામહ તમારા બધા કરતાં મને વધારે વહાલા છે.

---

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## નેટસર્ફ કંપનીના નેટવર્કમાં જોડાવાનો હુકમ

સવાલઃ સવાલ એ છે કે (નેટસર્ફ નામની એક કંપની છે) જે પુના (મહારાષ્ટ્ર)માં ઓવેલી છે. ડાયરેકટ સેલીંગ અને નેટવર્કનું કામ કરે છે. (જેનો હેતુ એ છે કે નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટ વાપરવાથી ખેડૂતોની જમીનમાં સુધારો થાય છે તેમજ નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટ વાપરવાથી હેલ્થમાં સુધારો થાય છે અને આર્થિક ક્ષેત્રે સધ્ધર થાઓ. આ એક નેટસર્ફ કંપની આ હેતુથી અભિયાન ચલાવી રહી છે. આ કંપનીને લગભગ ૧૬ – ૧૭ વર્ષ પૂરા થયા છે અને આ નેટસર્ફ કંપનીમાં અલગ – અલગ જગ્યાએ કોઈ પણ હોલમાં સમાન્ય જનતાને બોલાવીને નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટ વાપરવાની ટ્રેઈનીંગ આપવામાં આવે છે. આ નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટસ આયુર્વેદિક હર્બલ છે અને તેના પરિણામ પણ ઘણા જ સારા મળી રહયા છે. જે આપની જાણ માટે વધુમાં નેટસર્ફ કંપનીની દર – ૧૫ દિવસે નવી નવી ઓફરો તેમજ સ્કીમ પણ મૂકવામાં આવે છે અને ગ્રાહકને ૨૫ % અથવા ૩૫% થી અથવા ૪૦% થી અથવા ૪૫% વગેરે વગેરે ડિસ્કાઉન્ટ નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટસ દ્વારા ગ્રાહકને આપવામાં આવે છે.

(૨) સવાલ : ત્યાર બાદ બીજો હેતુ એ છે કે આ કંપનીનું નેટવર્ક ટર્ન ઓવરનું કમીશન આપે છે. દા.ત. એક વ્યકિત આ કંપની પાસેથી પ્રોડકટસ મેળવે છે, અને બીજી કોઈ પણ વ્યકિતને સદર કંપનીની પ્રોડકટસની ભલામણ કરીને કંપનીની પ્રોડકટસ અપાવે છે. તેનું ડાયરેકટ સેલ કમીશન ૩ થી ૫ ટકા કમીશન જે વ્યકિતએ ભલામણ કરી હોય તેને મળે છે. બીજી વ્યકિતએ પોતાની ભલામણથી ત્રીજી કોઈ પણ વ્યકિતને આ નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટસ કંપની પાસે અપાવે છે. અને તે ત્રીજી વ્યકિતનું નેટવર્ક કમીશન ૩ ટકા નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટસને ઉપરવાળા જે કોઈ વ્યકિતઓ હોય તેમને પણ (૩

ટકા) કમીશન આપે છે. એવી જ રીતે જે કાંઈ પણ વ્યકિતની નીચે જેટલું પણ નેટવર્ક ટર્ન ઓવર થાય છે તે બધાનું પણ ઉપરવાળી વ્યકિતને કમીશન મળે છે. હાલાકે આ વ્યકિત પોતાના પૈસા તેમજ સમય પસાર કરીને બીજો વ્યકિત ત્રીજી વ્યકિતની પાસે જાય છે અને એની ભલામણ કરીને આ નેટસર્ફ કંપનીની જૈવીક પ્રોડકટસ અપાવે છે. તો શું ફરમાવે છે કે ઉલમાએ કિરામ અને મુફતિયાને કીરામ ઉપર જણાવ્યા મુજબ મસઅલામાં તો આપ કુર્આન વ હદીષની રોશનીમાં સહી જવાબ આપશો. બીજી કોઈ વિગત ચાહો તો મૌખિક પણ પૂછી લેશો.

જવાબઃ– حامدًا ومصليًا ومسلمًا રજૂ કરવામાં આવેલ સવાલ અને દારૂલ ઈફતાને મળેલ અન્ય સવાલો અને મૌખિક રજૂઆતથી ડાયરેકટ સેલિંગ અને નેટવર્ક માર્કેટીંગનું કામ કરતી નેટ સર્ફ માર્કેટીંગની જે કાર્ય પ્રણાલી જાણવા મળી છે,તે મુજબ કંપનીથી જોડાયને ડિસ્કાઉન્ટ,કમિશન તથા અન્ય લાભો મેળવવાનો શરઈ હૂકમ નીચે મુજબ રહેશે.

૧. કંપની ની પ્રોડકટ ખરીદતા કંપની તરફથી જેતે પ્રોડકટ ખરીદ કરતાં આપવામાં આવેલ ડિસ્કાઉન્ટ શરઈ દ્રષ્ટિએ કિમતની રીઆયતના હૂકમમાં હોય,લેવામાં કોઈ વાંધો નથી.

૨. કંપની સાથે જોડાયને આપે અન્ય કોઈ વ્યકિત દા.ત.B ને કંપની પ્રોડકટની ઉપયોગીતા બતાવી તેને ખરીદ કરવા ભલામણ કરી, જેના લઈ કંપની તરફથી આપને નીયત કમીશન અથવા જેતે કંપની પ્રોડકટની ખરીદારી પર આપવામાં આવતા ડિસ્કાઉન્ટ લેવામાં પણ કોઈ વાંધો નથી. કમીશન હોય તો આપે કરેલ મહેનતનો ઈવજ છે. અને જો ડિસ્કાઉન્ટ હોય તો કંપની તરફથી કિંમતમાં રીઆયત કરતા અસલ કિમતથી ઓછામાં વસ્તુ આપવું છે. શરીઅતના નિયમ મુજબ આ બંનેવ વસ્તુઓની ગુંજાઈશ છે.

૩. ત્યારબાદ આપની ભલામણથી કંપની સાથે સંપર્કમાં આવેલ B દ્વારા C તથા બીજી વ્યકિતઓને કંપની પ્રોડકટની ઉપયોગીતા દર્શાવી કંપની સાથે સંલંગ્ન કરવામાં આવે. એવી જ રીતે C દ્વારા બીજા ગ્રાહકોને ભલામણ કરી કંપનીથી જોઈન્ટ કરવામાં આવે અને આપના થકી ઈન્ડાયરેકટ નીચે જેટલા સભ્યો કંપની પ્રોડકટની ખરીદારીમાં જોડાયા છે તે બધા ઉપર કંપની તરફથી આપને આપવામા આવતું નેટવર્ક કમિશન લેવું શરઈ દ્રષ્ટિએ જાઈજ નથી; કારણ કે શરઈ દ્રષ્ટિએ જે તે વ્યકિત કમીશનનો હકદાર મહેનત અને અમલના બદલામાં બનતો હોય છે, અને અહિંયા કંપનીની કાર્યપ્રણાલી બતાવે છે કે

ઈન્ડાયરેકટ બનનારા સભ્યો તેની ભલામણ અને મહેનતના કારણે નહીં બલકે તેનાથી સીધી રીતે અથવા ઈનડાયરેકટ બનેલ સભ્યની મહેનતના દ્વારા બનેલ છે. બીજા નંબરે અહીંયા કમીશન પામવા માટે જરૂરી છે કે તે કંપની પ્રોડકટ પોતે પણ સપ્લાય કરે, નહીં તો તે કમીશનનો હકદાર બનતો નથી, આ વાત પણ શરઈ રીતે વાંધા જનક છે કે એક મુઆમલાને બીજા મુઆમલા સાથે જોડી દેવામાં આવ્યો છે, જયારે કે હદીસમાં એની મનાઈ કરવામાં આવેલ છે.

આજ કારણ છે કે નેટવર્ક માર્કેટીંગ બાબત હિન્દુસ્તાનના મોઅતબર મુફતીયાને કિરામની ફિકહી એકડમી ''ઈસ્લામીક ફિકહ એકડમી''એ સર્વાનુમતે નેટવર્ક માર્કેટીંગ આધાર પર કામ કરતી કંપની સાથે જોડાવવા વિશે નાજાઈઝ હોવાનો ફેસલો કર્યો છે. (નેટવર્ક માર્કેટીંગ,ઈસ્લામીક ફિકહ એકડમી)

માટે મઝકૂર રીત મુજબ નેટવર્ક કમીશન પ્રાપ્ત કરવું જાઈઝ નથી. હા ! આપનાથી સીધી રીતે ભલામણ દ્વારા જોડાયેલ સભ્ય પર કમીશન પ્રાપ્ત કરવું દુરૂસ્ત છે.

જો કંપની ઈન્ડાયરેકટ ગ્રાહકોના જોડાણ પર નેટવર્ક કમીશનના બદલે આપને પ્રોડકટના ખરીદવા ઉપર ડિસ્કાઉન્ટમાં ઈઝાફો અને વધારો કરી આપે તો તે કિંમતમાં માલિક તરફથી કરવામાં આવેલ રિઆયત ગણાશે અને આ રીતે ડિસ્કાઉન્ટ લેવામાં કોઈ વાંધો રહેશે નહીં, પરંતુ કંપનીની રીત આ પ્રમાણે નથી.

યાદ રહે કે કંપનીની પુરી સિસ્ટમ સાથે જોડાવવું કંપનીની અમુક શરઈ દ્રષ્ટિએ વાંધાજનક બાબતોના લઈ દુરૂસ્ત નથી, અલબત્ત જો કોઈ વ્યકિત કંપનીની પ્રોડકટ વેચાણ કરીને અથવા સીધી રીતે કંપનીથી ગ્રાહક જોડી ફાયદો ઉઠાવવા ચાહે તો તેની ગુંજાઈશ છે. (અલ્અશબાહ વ ન્નઝાઈર ઉપરથી)

ઉપરોકતમાં લખ્યા મુજબ કોઈ વ્યકિત જાઈઝ તરીકાથી કંપનીનું પ્રોડકટ વેચાણ કરતા કંપની સાથે જોડાય, અને તેમ છતાં તે તેની અજાણતામાં નીચે કોઈ કંપનીનો ગ્રાહક બનાવે અને કંપની પોતાના નિયમ મુજબ તેના ખાતામાં કમીશન રૂપે પૈસા જમા કરે, તો આ કમીશન લેવું જાઈઝ નથી, માટે તેને કંપનીને પરત કરી આપવામાં આવે અથવા કંપની ન સ્વીકારે તો સદકહ કરી આપવામાં આવે. (શામી, બઝલુલ મજહૂદ ઉપરથી) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. *(તા. ૩/જુમાદલ આખર/૧૪૩૮ હિજરી)*

બોધકથા

એક માણસની કરોડરજ્જુ ભાંગી ગઈ. હવે તે હરવા – ફરવા બલકે ઉઠવા બેસવામાં લાચાર થઈ ગયો. હોસ્પિટલના જે રૂમમાં એને રાખવા આવ્યો હતો, એમાં રસ્તે પડતી એક બારી પાસે એક બીજો બીમાર પણ હતો. પ્રથમ બીમાર બિચારો બિસ્તર ઉપર પડયો પડયો આખો દિવસ છતને જોતો રહેતો અને માયૂસી અને હતાશાની વાતો કરતો રહેતો.

બારી પાસે સૂતેલો બીમાર ચંચળ, હોશિયાર અને રમતિયાળ હતો. દિવસમાં બે ત્રણવાર બિસ્તર ઉંચો કરીને બહારનું દશ્ય જોવાનો પણ પ્રયત્ન કરતો હતો.

આ બન્ને અમુક અઠવાડિયા સુધી સાથે રહયા. આ બન્ને વચ્ચેની દોસ્તી અને વાતચીતની બોધદાયક દાસ્તાન કંઈક આ મુજબ છે :

**પહેલા અઠવાડિયે બન્નેની વાતો આવી હતી :**

પહેલો બીમાર : કાશ ! હું આ ઘટનામાં મરી જાત તો સારું. આમ લાચાર થઈને પડી રહેવું વધારે અઘરું છે.

બીજો બીમાર : (બારીમાંથી બહાર જોતાં જોતાં) વાહ, કેટલું સુંદર દશ્ય છે. આજે તો કાળા વાદળો ચડી આવ્યા છે. હવે વરસાદ પડશે. સરોવરમાં પાણી વધી રહયું છે. બતકો તરી રહી છે. એક નાનું બચ્ચું પણ રમી રહયું છે. બસ, થોડો વધારે સારો થઈ જાઉં તો નીચે જઈને બાંકડે બેસીને આ બધું જોવાનો લહાવો લઈશ.

**બીજું અઠવાડિયું :**

પહેલો બીમાર : એક લાચાર – પંગુ માણસના જીવનને તો જીવન કહેવું પણ ખોટું છે. મને લાગે છે કે મારે તો આ છતને જોતાં જોતાં જ મરી જવાનું છે. મને નથી લાગતું કે હું સાજો થઈશ.

બીજો બીમાર : આજે તો લાલ – પીળા ફૂલ ખીલ્યાં છે. લોકો ફૂલોને સુંઘી રહયા છે. આ જો, એક માણસે લાલ ફૂલ તોડીને એની નાની છોકરીના માથામાં લગાવી દીધું. છોકરી અને એની માં ખુશ થઈને હસી રહયાં છે. એ લોકોનો સંસાર સુખી લાગે છે.

**ત્રીજું અઠવાડિયું :**

પહેલો બીમાર : કોને ખબર હું કદી મારા પગો ઉપર ચાલી શકીશ કે નહીં ? કાશ મને બે પગલાં ચાલવાની શકિત મળી જાય.

બીજો બીમાર : આજે એક વૃદ્ધ વ્હીલચેર ઉપર બેસીને પાર્કમાં ફરવા આવ્યો છે. બે નાના બાળકો એની વ્હીલચેરને ધક્કો મારી રહયા છે. વૃદ્ધ ધીરેથી ઉતરીને બે

ચાર પગલાં ચાલે છે. લાગે છે જીવન એણે પૂરી શકિત સાથે માણ્યું છે. અમુક લોકો દરેક સ્થિતિમાં પોતાની ખુશી શોધી જ લે છે.

<u>**ચોથું અઠવાડિયું :**</u>

પહેલો બીમાર : મને લાગે છે કે હવે હું સાજો થવા માંડયો છું. થોડા સમય પછી હું પણ નીચે જઈને સરોવર કિનારે બેસી શકીશ. મારા પગો પણ હવે ચેતના આવી ગઈ છે.

બીજો બીમાર : આજે તો એક નાની ફેમીલી પીકનીક મનાવવા આવી છે. નાશ્તો પણ સાથે લાવ્યા છે. આ જુઓ ચાદર પાથરીને ખાઈ રહયા છે. બાળકો ઉછળ કુદ કરી રહયા છે. સુખી કુટુંબ તે આનું નામ.

આમ આ બન્ને વચ્ચે વાતો થતી રહી. પહેલો બીમાર ધીરે ધીરે નિરાશામાંથી બહાર આવવા લાગ્યો અને શરીર પણ સાજું થવા લાગ્યું. એવામાં અચાનક બીજો બીમાર રાતે સૂતાં સૂતાં જ મરી ગયો. પહેલા બીમારને હવે કોઈ બારી બહારના દશ્યો બતાવનાર ન હતું. થોડા દિવસ પછી એ કંઈક હલન ચલન કરવાને કાબેલ થયો તો નર્સને કહયું કે એનો બિસ્તર બારી પાસે કરી દેવામાં આવે. નર્સે એનો પલંગ બારી પાસે ખસેડી દીધો. એણે શોખ અને આતુરતાથી ઉંચા થઈને બારી નીચે જોવાનો પ્રયત્ન કર્યો પણ એને મોટી નિરાશા સાંપડી. પાર્ક અને હોસ્પિટલ વચ્ચે એક ઊંચી દીવાર આડે હતી એટલે પાર્કનું કોઈ દશ્ય જાઈ શકાય એમ ન હતું.

બીમારે નર્સને કહયું કે, હોસ્પિટલ વાળાઓએ આ દીવાર બનાવીને ઘણું ખોટું કર્યું છે. નર્સે એને જવાબ આપ્યો કે આ દીવાર તો વીસ વરસ જૂની છે. બીમાર કહેવા લાગ્યો કે પેલો બીમાર તો મને રોજ પાર્કના સુંદર દશ્યો અને સહેલ માણવા આવેલા લોકોની અદાઓ સંભળાવતો હતો. એની વાતોથી જ તો હું નિરાશામાંથી બહાર આવીને જીવનમાં રસ લેતો થયો અને મારા અંદર ચેતનાનો સંચાર થયો છે.

નર્સે કંઈક વિચારીને જણાવ્યું કે શકય છે કે એ તમને નિરાશામાંથી કાઢીને જીવનની ખુબસૂરત પળો માણવા તૈયાર કરતો હોય. બાકે એ માણસ તો એ માણસને તો દિમાગનું કેન્સર હતું અને એના લઈને એ આંધળો થઈ ગયો હતો. એક માયૂસ માણસના જીવનમાં ફરી ઉમંગો ભરવાની એની નેકી શકય છે કે એને જન્નતમાં લઈ જાય.

કહાણી આપણને બોધ આપે છે કે આપણે ગમે તે સ્થિતિમાં હોઈએ, અન્યો માટે આપણે પ્રેરણાનો સ્ત્રોત બનવાનું છે. પોતાનું દુખ ભૂલીને બીજાને સુખનો રસ્તો બતાવવાનો છે. ••••●

# After Ramdhan the beleiver's life

Muslims are experiencing many challenges globally. The solution for favourable conditions, is with us. Since we have been spiritually recharged in the month of Ramadaan, it is easy for us to change our attitude and lives.

Whatever we do, it must be as desired by Sharee'ah and to please Allah taala alone. Indeed the devils are free again and will take advantage of every possible opportunity to misguide us.

We must beg Allah (Subhanahu Wataala) to guide us, keep us steadfast on the truth and save us from deviation. If we ponder about the many bounties of Allah (Subhanahu Wataala) and the purpose of our existence in this temporary world, then it will assist us to fulfil all the commandments of Sharee'ah.

Allah (Subhanahu Wataala) created human beings as the best of His creation due to intelligence. This must guide us to make best choices in life. Death is an undisputed reality and none has knowledge when it will strike. It is best to constantly make an effort to please Allah (Subhanahu Wataala) in all matters.

We need to reflect on ourselves and not judge others. Allah (Subhanahu Wataala) is aware of everything and records will be presented on the day of judgement for justice to prevail. Accountability

after death is a reality and every person desire the best in both worlds. The choices we make in this temporary world, will be what we desire in the everlasting hereafter. We cannot be neglectful of our religious duties and still be desirous of the pleasure of Allah (Subhanahu Wataala).

Islaam is the only divine religion Muslims follow and everyone who follow diligently with sincerity, will be successful in this world, the grave and the hereafter. We must not hesitate to lead a practical Islaamic lifestyle. Indeed there will be sacrifices, but for a good cause. Family and friends generally discourage change. It is important to be firm and rely on Allah (Subhanahu Wataala). The sacrifices we make to please the creation in this world and displease our Creator, is detrimental. There is no obedience to any creation, in the disobedience of the Creator. This world is a prison for the believer and paradise for a non - believer. The many positive aspects, rules and regulations, all the restrictions and forbidden acts, Islaam implemented for Muslims, are beneficial for the entire creation. Many non-believers use the divine concept of Islaam in many matters and achieve best results.

Allah (Subhanahu Wataala) has blessed us with many bounties and despite disobeying Him, He has saved us from major calamities. This is indeed a grace from Allah (Subhanahu Wataala), and we need to love Allah (Subhanahu Wataala) by pleasing Him. If we continue to disobey Allah (Subhanahu

Wataala), then His wrath is also severe. If Allah (Subhanahu Wataala) guided us on the straight path, we need to express our appreciation to Him regularly and make Dua'aa for the guidance of others. There is no time to waste and procrastinate in changing for the better. If Muslims begin to please Allah (Subhanahu Wataala), then we can be guaranteed with favourable conditions.

May Allah (Subhanahu Wataala) grant us the reality of Islaam, His love and love for Rasoolullah (Sallalaahu Alaihi Wasallam) accept us, guide us, make it easy to live a pure Islaamic life and a good death with Eemaan.Aameen Yaa Rabbal Aalameen ....

---

## દુઆએ મગફિરત

● બલેશ્વર, જિ. સુરત, ખાતે હઝરત મવ. મૂસા બલેશ્વરી સાહેબ રહ. રમઝાનના પવિત્ર દિવસોમાં અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ મવલાના જામિઅહ ડાભેલના જૂના અને કાબેલ ઉસ્તાદ હતા. આજે પણ આપના શાગિર્દો આપ રહ.ને કેળવણી અને તરબિયતને યાદ કરે છે. બુઝુર્ગોની યાદગાર સમા મવલાના મૂસા રહ.એ અનેક બુઝુર્ગોને જોયા, સાંભળ્યા અને એમના ફૈઝ – સોહબતથી ફૈઝયાબ થયા હતા. આખું જીવન બુઝુર્ગોની પરંપરા મુજબ અત્યંત નેકી, તકવા અને દરેક પ્રકારની દીની પાબંદીઓ મુજબ જીવતા હતા. મકાતિબ, મસાજિદ, ખાનકાહો પ્રત્યે મુહબ્બત અને સહકારની ભાવના રાખવા ઉપરાંત વ્યકિતગત રીતે પણ ઉલમા, મશાઈખ અને બુઝુર્ગો પ્રત્યે ભારે અકીદત ધરાવતા હતા. પોતે જૂના આલિમ અને બુઝુર્ગ હોવા છતાં વિનમ્રતા દાખવીને બુઝુર્ગોની સોહબતમાં આવન જાવન રાખતા હતા. જામિઅહ અને જામિઅહના સ્થાકપ જ. હઝ. મવ. મુફતી અહમદ સા. દા.બ. સાથે ઘણો જ અકીદત અને મુહબ્બતનો સંબંધ

ધરાવતા હતા. અનેકવાર જામિઅહમાં પધાર્યા હતા. અલબલાગના વિશેષ વાચક અને ચાહક હતા. અલબલાગના બધા જ લેખો ધ્યાનપૂર્વક વાચતા હતા અને અવારનવાર એ વિશે પોતાનું મંતવ્ય રજૂ કરીને સલાહ સુચનો આપવાની સાથે વખાણ કરીને દુઆઓ આપતા હતા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. હિસાબ કિતાબ વગર જન્નતમાં દાખલ ફરમાવે. અને આપના પુત્રો – પુત્રીઓ તેમજ સગાઓને સબ્રે જમીલ અતા ફરમાવે. વાલિદે મરહૂમની જેમ એમને પણ દીનદારી અને તકવાના રસ્તે ચલાવે અને એમની આવતી પેઢીઓને પણ કયામત સુધી દીન અને તકવા ઉપર ચાલવાની સઆદત અતા ફરમાવે.

● ખાનપૂર ખાતે મવ. ગુલામ ભાયજીના અહલિયહ, પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ..મરહૂમહ જામિઅહના ઉસ્તાદે હદીસ મવલાના અ. રશીદ નદવી સાહેબના સાસુમાં થતા હતાં. મરહૂમના બે દીકરાઓ મવ. લુકમાન અને મવ.સાજિદ સાહેબ જામિઅહથી દીની તાલીમ મેળવીને આલિમ – ફાઝિલ થયા છે. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે, જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. સગાઓને સબ્રે જમીલની તવફીક આપે અને એમની મહેરબાની – મુહબ્બતની બરકતોને એમની વફાત પછી પણ જારી રાખે.

● દેવલા ખાતે ફાજિલે જામિઅહ, મવ. મુદષિર દેવલા પાછલા દિવસોમાં યુવાન વયે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે જન્નતુલ ફિરદોસમાં સ્થાન નસીબ ફરમાવે.

● જિદ્દહ ખાતે જામિઅહના મુહસિન અને સહાયક જનાબ મવ. મૂસા ખાનપૂરી સાહેબના અહલિયહ, અને જામિઅહનાઉસ્તાદ કારી બશીરના કાકી પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. આમીન.

● સાઉથ આફ્રિકા ખાતે જામિઅહના મુહસિન જનાબ હાજી ઈબ્રાહીમ બેરા સાહેબ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે જન્નતુલ ફિરદોસમાં સ્થાન નસીબ ફરમાવે. ••••••

## તકદીરની રોઝી

હઝરત હુઝયફહ બિન યમાન રદિ. ફરમાવે છે કે, એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, આ જિબ્રઈલ આવ્યા છે, અને મને કહી રહયા છે કે માણસ જયાં સુધી એની તકદીરમાં લખાયેલી રોઝી વહેલી – મોડી મેળવી નહીં લે, મરશે નહીં. (મુસ્નદે બઝઝાર)

## સારો માણસ

સારા માણસો એમના સારા કામોની સુવાસ થકી ઓળખવામાં આવે છે. મીઠી મધૂર અને અવનવી વાતો તો દીવારો ઉપર પણ મળી આવે છે.

## ફૂલ કે ફૂલોનો ટોકરો

એવું પણ હોય શકે કે અલ્લાહ તઆલા આપણને ફૂલો ભરેલો ટોકરો આપવા માંગતા હોય, પણ આપણે ફકત એક ફૂલની જિદ લઈને બેઠા હોય. માટે કુદરતના ઈશારાઓ પણ આપણે સમજવા જોઈએ.

## દોસ્ત અને પક્ષી

દોસ્તો અને પક્ષીઓ, ખુલ્લા આઝાદ છોડી દયો. પાછા તમારી પાસે આવે તો સમજો કે તમારા હતા નહીંતર એ આપણા હતા જ નહીં એમ સમજો.

## શિક્ષણની અસર

શિક્ષણ જેના અંદર ઉતરી જાય છે એ સાદગી અપનાવીને સજ્જન બને છે અને જેના ઉપરથી ગુઝરી જાય છે એ આધુનિક વિચારસરણીનો ચોલો પહેરીને સ્વછંદી વિચારધારા વાળો ફિલોસોફર બની જાય છે.

## આપણી દુનિયા

આપણી દુનિયા એક દરિયો છે. માણસો એના મુસાફર, આખિરત એનો કિનારો અને તકવો એની નાવડી છે. સામે પાર પહોંચવું હોય તો ગુનાહોથી બચવું જરૂરી છે.

## દુઆ અને ગુનો

માણસનો સ્વભાવ અને વિચાર કેવો અજીબ છે. દુઆ કરતી વેળા સમજે છે કે અલ્લાહ તઆલા ઘણા જ નજીક છે. સીધા જ મારી દુઆ સાંભળે છે અને ગુનો કરતી વેળા સમજે છે કે અલ્લાહ દૂર છે, મને નહીં જોતા હોય.

## ખુદાઈ વળતર

ઈબ્ને જવઝી રહ. ફરમાવે છે કે અલ્લાહને એવી વસ્તુઓ આપો જે અલ્લાહ ચાહે છે. જવાબમાં અલ્લાહ તઆલા તમને તમારી પસંદની વસ્તુઓ આપશે. તમે એની પુકાર ઉપર હાજર થઈ જાઓ. પછી તમે જયારે પણ એને પુકારશો એ તમારી મદદે આવશે.

## બુરાઈ

કોઈ પણ બુરાઈ નાવડીના તળિયે કરવામાં આવેલ કાણાની જેમ છે. નાનું હોય કે મોટું, એક દિવસ આખરે નાવને જરૂર ડુબાડશે. • • ● • •